**આજનો સુવિચાર**

કાચા કાન, શંકાશીલ નજર અને નબળું મન માણસને સારી સમૃધ્ધિમાં પણ નર્કનો અનુભવ કરાવે છે

સ્થાપક તંત્રી : સ્વ. કાર્તિક આર. ઉપાધ્યાય
તંત્રી, મુદ્રક, પ્રકાશક, માલિક : અભિજીત કે. ઉપાધ્યાય

Post Regn. G/JND/23
(VALID up to 31-12-2023)
RNI Regn. No. 27509/67

Ph. : (0285) 2621000/ 2651800
E-mail : saurashtrabhoomi@gmail.com
Website : www.saurashtrabhoomi.com

# સૌરાષ્ટ્ર ભૂમિ
દૈનિક

જૂનાગઢ અને ગાંધીનગરથી પ્રસિધ્ધ થતું ગુજરાત અને સૌરાષ્ટ્ર-કચ્છનું અગ્રીમ અખબાર

વર્ષ : ૪૭ અંક : ૧૫૧ જૂનાગઢ તા.૧૩-૬-૨૦૨૩ મંગળવાર પાના : ૮ કિંમત ૧-૫૦ રૂા. ● પ્રકાશન સ્થાન : સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક કાર્યાલય, જેઈલ રોડ, જૂનાગઢ. ગુજરાત ● મુદ્રણ સ્થાન : સોમનાથ પ્રિન્ટર્સ, જેઈલ રોડ, જૂનાગઢ, ગુજરાત (ઈન્ડીયા)

Saurashtra Bhoomi (Daily) Year : 47 Volume : 151, Junagadh : Date : 13 Jun, 2023, Tuesday, Pages 8 Price Rs.1.50 • Published from Saurashtra Bhoomi Karyalaya, Jail Road, Junagadh, GUJARAT, India. • Printed at : Somnath Printers, Jail Road, Junagadh, Gujarat, India. Editor Abhijeet K. Upadhyay


# વાવાઝોડું અત્યંત ગંભીર બન્યું : આગામી ૪૮ કલાક ભારે કટોકટીના

ગાંધીનગર તા. ૧૩

ગુજરાતનાં સમુદ્રકિનારા વિસ્તારમાં બિપરજોય વાવાઝોડાનો ખતરો પ્રત્યેક ક્ષણે વધી રહયો છે. આ લખાય રહયું છે ત્યારે પ્રાપ્ત અહેવાલ મુજબ વાવાઝોડું દ્વારકાથી ૨૭૫ કી.મી. દુર છે અને તા. ૧૪-૧૫ જુને માંડવી બંદરે ટકરાશે. વાવાઝોડાની સૌથી વધુ અસર કચ્છ, દ્વારકા અને પોરબંદર જીલ્લામાં થવાની છે. તેમજ ગીર સોમનાથ, જૂનાગઢ અને અમરેલી જીલ્લાનાં દરિયા કિનારા વિસ્તારમાં ભારે પવન સાથે વરસાદ પડવાની આગાહી છે. આ તમામ જીલ્લાઓમાં તંત્રને રેડ એલર્ટ પર મુકી દેવામાં આવ્યું છે. સૌરાષ્ટ્રનાં ૧૧ હજાર કર્મચારીઓને સ્ટેન્ડ-ટુ રાખવામાં આવ્યા છે. મુખ્યમંત્રી કાર્યાલયથી લઈ વડાપ્રધાન કાર્યાલય સુધી તમામ તંત્ર વાવાઝોડાનાં સામના માટે યુધ્ધનાં ધોરણે કાર્યવાહી કરી રહયું છે. સર્વત્ર હાલમાં એકજ ચર્ચા છે કે, આ વાવાઝોડાથી કેટલું નુકશાન થશે? વાવાઝોડાથી થનાર સંભવિત નુકશાનને શકયતેટલું ઘટાડવા માટે ગુજરાત સરકાર અને કેન્દ્ર સરકારનું સમગ્ર તંત્ર રાઉન્ડ ધી કલોક કાર્યવાહી કરી રહયું છે.





## ૧૫ જુને જખૌ - માંડવી બંદર ખાતે ૧૨૫ થી ૧૩૫ કી.મી. પ્રતિકલાકની ઝડપે વાવાઝોડું પસાર થશે : હાલમાં બિપરજોય વાવાઝોડું દ્વારકાથી ૨૭૫ કી.મી. દુર : : અત્યાર સુધી ૨૧ હજાર લોકોનું સલામત સ્થળે સ્થળાંતર

અરબી સમુદ્રમાં વાવાઝોડું બિપરજોય સૌરાષ્ટ્ર-કચ્છની વધુને વધુ નજીક આવી રહ્યું છે અને પોરબંદરનાં દરીયાકાંઠેથી ૩૦૦ કિલોમીટર દુર પશ્ચીમ-દક્ષિણ પશ્ચીમે તથા દ્વારકાથી ૨૭૫ કિલોમીટર દુરી દક્ષિણ-પશ્ચીમે કેન્દ્રીત થયુ છે. હજુ ઉતર દિશામાં આગળ ધપી રહ્યું છે. અને આવતીકાલે રાત્રે ઉત્તરપૂર્વ દિશા તરફ વળાંક લેશે તેવી શકયતા છે. હવામાન વિભાગનાં સુત્રોએ જણાવ્યું હતું કે આજે સવારની સ્થિતિએ વાવાઝોડૂ ૨૦.૯ ઉતર અને ૬૩ પૂર્વ પર કેન્દ્રીત છે. જે પોરબંદરથી ૩૦૦ કીમી તથા દ્વારકાથી ૨૭૫ કીમી દુર છે.

પવનની ઝડપ ૧૫૦ થી ૧૬૦ કીમીની ગતિમાં છે. ઉતર દિશામાં આગળ ધપી રહ્યું છે. અને આવતીકાલ રાત્રીથી દિશા બદલીને ઉતરપુર્વ બાજુ વળાંક લેશે જેના આધારે કચ્છ-પાકિસ્તાનનાં બોર્ડર ભાગોમાં ટકરાવાનું અનુમાન છે.બિપોરજોય વાવાઝોડુ મામુલી નબળુ પડયુ હોય તેમ હવે અત્યંત ખતરનાકની શ્રેણીને બદલે હવે અતિ ગંભીરની કેટેગરીમાં આવી ગયુ છે. છતાં સૌરાષ્ટ્ર-કચ્છનાં માર્ગે વાવાઝોડાની ગતિ યથાવત છે. અને ૧૫ જુને ટકરાવાની શકયતા છે. વાવાઝોડાના પ્રભાવ હેઠળ ભારે વરસાદની શકયતાને ધ્યાને રાખીને સૌરાષ્ટ્ર-કચ્છ માટે ઓરેન્જ એલર્ટ જારી કરવામાં આવ્યું છે.

## દરિયા કિનારા વિસ્તારમાં ભારે કડાકા-ભડાકા સાથે વરસાદ શરૂ

ગાંધીનગર તા. ૧૩ : ચક્રવાત બિપરજોય જેમ જેમ ગુજરાતની નજીક આવી રહ્યું છે તેમ તેમ તેની ભયંકર અસર વર્તાઇ રહી છે. ચક્રવાત બિપરજોયની અસરે દરિયાના વિસ્તારોમાં ઝડપી પવન ફૂંકાવાનું શરૂ થઈ ગયુ છે. તો કેટલાક વિસ્તારોમાં ભારે વરસાદ વરસી રહ્યો છે. ગુજરાતમાં છેલ્લા ૨૪ કલાકમાં ૬૧ તાલુકામાં વરસાદ નોંધાયો છે.અરબી સમુદ્રમાં સક્રિય શક્તિશાળી બિપરજોય વાવાઝોડુ ગુજરાતીની નજીક પહોંચ્યું છે. જેના કારણે તેની અસર વર્તાવાની શરૂ થઈ ગઈ છે. વાવાઝોડાને પગલે ગઈ કાલથી ગુજરાતના કેટલાક વિસ્તારોના વાતાવરણમાં પલટો આવ્યો છે. ગઈકાલે બપોર પછી રાજ્યના કેટલાક વિસ્તારોમાં ભારે પવન સાથે વીજળીના કડકા ભડાકા સાથે વરસાદ શરૂ થયો હતો.

### દરીયા કિનારે ઉછળી રહેલા લોઢથી

## કોડીનાર તાલુકાનાં માઢવાડ બંદરે ૬ અને મુળ દ્વારકા બંદરે ૪ મકાનો ધરાશયી : સમગ્ર પંથકમાં અતિભારે વરસાદ

કોડીનાર તા. ૧૩

વાવાઝોડાને લઈને સૌરાષ્ટ્રવાસીઓમાં ભારે ચિંતાનું વાતાવરણ છે ત્યારે કોડીનાર તાલુકાના દરિયા કિનારાના ૪૦૦ લોકોનું સ્થળાંતર કરવામાં આવ્યું છે અને માઢવાડમાં ૬ તથા મૂળ દ્વારકા બંદરે ૪ મકાનો દરિયાઇ પવનની થપાટથી ધરાશાયી થયા છે.

કોડીનારના અહેવાલ મુજબ બીપોરજોય વાવાઝોડાની અસરના પગલે કોડીનાર તાલુકામાં ભારે પવન સાથે વરસાદ શરૂ થતાં અને દરીયા માં મહાકાય મોજા ઉછળતા દરિયાઇ પાણી કાંઠા વિસ્તારના ઘરો માં ઘુસી જતા અને માઢવડ બંદરે દરિયો ગાંડોતૂર બનતા દરિયાઈ થપાટ થી ૬ મકાનો અને મૂળ દ્વારકા બંદરે ૪ મકાનો ધરાશાઈ થતાં બન્ને બંદરો ના અંદાજે ૪૦૦ થી વધુ લોકો નું તંત્ર દ્વારા સ્થળાંતર કરાયું હતું.

મૂળદ્વારકા અને માઢવાડ બંદર સહિતના દરીયા કાંઠા વિસ્તારોમાં પોલીસ અને તંત્ર દ્વારા અસરગ્રસ્ત માછીમાર પરિવારોનુ સ્થળાંતર કરવામાં આવ્યું છે.સંભવિત વાવાઝોડાના કારણે પરિસ્થિતિ વધુ વિકટ બનવાની સંભાવનાને ધ્યાને લઈને પોલીસ અને સ્થાનિક માછીમાર સમાજના પટેલો દ્વારા અસરગ્રસ્ત માછીમારોનું સલામત સ્થળે સ્થળાંતર કરવાની કામગીરી શરૂ છે.

# દરિયા કિનારા નજીકનાં પાંચ કી.મી.નાં વિસ્તારને ખાલી કરાવવા થઈ રહેલી તૈયારી

## સૌરાષ્ટ્રનાં તમામ બંદરો ઉપર અત્યંત ભયજનક ૧૦ નંબરનું સીગ્નલ : તા. ૧૪-૧૫ જુન બે દિવસ સૌરાષ્ટ્રની તમામ શાળા-કોલેજો બંધ રખાશે



ગાંધીનગર તા.૧૩ : 'બિપરજોય' વાવાઝોડાની વધુમાં વધુ અસર દેખાવા લાગી છે. સૌથી વધુ પ્રભાવિત થઈ રહેલા કચ્છ, જામનગર, દ્વારકા વિસ્તારમાંથી ૧૦ હજારથી વધુ લોકોનું સ્થળાંતર કરાયું છે અને આજથી તમામ દરિયાકાંઠા નજીકના પાંચ કિ.મી.ના વિસ્તારને ખાલી કરાવવા કાર્યવાહી શરૂ થયાના અહેવાલ છે.

કચ્છ, ગીર સોમનાથ, દ્વારકા, જામનગર, પોરબંદર વિસ્તારમાં સ્થળાંતરથી માંડી રાહત-બચાવ કાર્ય માટે એનડીઆરએફ સહિતની ટીમો કામે લાગી ગઈ છે અનેક વિસ્તારમાં દરિયાકાંઠાની પ્રોટેકશન વોલ પણ તુટી પડતા પાણી ગામોમાં ઘુસવા ભીતી છે. બીજી તરફ દ્વારકા, ગીર સોમનાથ, ભાવનગર, અમરેલી જિલ્લામાં ૧ થી ૯ ઈંચ વરસાદ પડતા ચિંતા વધી છે. બીજી તરફ રેલવે વ્યવહાર પ્રભાવિત થયો છે અને ૧૫૦ જેટલી સૌરાષ્ટ્રને લાગુ ટ્રેન મોડી થવાથી માંડી રદની સ્થિતિ સર્જાઇ છે.

વાવાઝોડુ કચ્છમાં લેન્ડફોલ કરશે ત્યારે પ્રચંડ શક્તિશાળી ચક્રાવાત રહેશે જેના પગલે સમગ્ર કચ્છ,દ્વારકા, જામનગર જિલ્લામાં રેડ એલર્ટ અને સૌરાષ્ટ્રના બાકીના તમામ જિલ્લામાં ઓરેન્જ એલર્ટ જારી કરાયું છે.

સૌરાષ્ટ્ર-કચ્છના બંદરો ઉપર ડેન્જર -૧૦ સિગ્નલ લગાડાયા છે.દેવભુમિ દ્વારકા જિલ્લામાં ૧૮૦૦ લોકોનું સ્થળાંતર કરી સાયકલોન સેન્ટર ખાતે આશરો અપાયો છે. એ જ રીતે મોરબીના માળિયાના કાંઠાળ વિસ્તારમાંથી સાંજ સુધીમાં ૧૩૭૨ લોકોનું સ્થળાંતર કરાયું છે. સલાયાના નીચાણવાળા વિસ્તારમાંથી ૧૫૭નું સ્થળાંતર કરવામાં આવ્યું છે. પોરબંદરમાં ૫૦૦ લોકોનું, દ્વારકાના રૂપેણ બંદરે ૨૫૦૦ લોકો સહિત કૂલ ૬૩૩૦નું સ્થળાંતર કર્યાના અહેવાલો મળ્યા છે અને આ કામગીરી હજુ જારી છે. સરકારના આદેશ અન્વયે આજે દરિયાકાંઠાથી પાંચ કિ.મી. સુધીના એરિયામાં રહેતા હજારો લોકોનું સ્થળાંતર કરાવાશે.

સૌરાષ્ટ્રમાં આશરે ૨૪ હજાર બોટને કાંઠા પર પાર્ક કરી દેવાઈ છે. એનડીઆરએફ, એસડીઆરએફ સહિતની ટૂકડીઓ તૈનાત કરી દેવાઈ છે અને સૌરાષ્ટ્રના વધુ પ્રભાવિત થનાર દરેક જિલ્લામાં કામગીરીના સંકલન માટે મંત્રીઓને જવાબદારી સોંપાઈ છે.

સૌરાષ્ટ્ર પર જોખમ નિશ્ચિત બનતા તા.૧૪,૧૫ના સૌરાષ્ટ્રના ગોંડલ, વાંકાનેર, રાજકોટ, મોરબી સહિતના તમામ યાર્ડમાં કૃષિ જણસીના સોદા બંધ રાખી ખેડૂતોને માલ લાવવા મનાઈ ફરમાવી દેવાઈ છે. તા.૧૪,૧૫ જુનનાં રોજ સૌરાષ્ટ્રની શાળા-કોલેજો પણ બંધ રખાશે.

## વાવાઝોડું ૮ જીલ્લાનાં ૧૬ લાખ લોકોને અસર કરશે

ગાંધીનગર તા. ૧૬ : રાજય સરકારના અંદાજ અનુસાર, દરિયાકાંઠા ૮ જીલ્લાના ૪૪૧ ગામોમાં ૧૬.૭૬ લાખ લોકોને બીપરજોય વાવાઝોડાની અસર થવાની શકયતા છે. 'વેરીસીવીયર' સ્વરૂપ ધારણ કરી ચૂકેલ આ ચક્રવાત અત્યારે ગુજરાત દરિયાકિનારાથી ૨૭૫ કિલોમીટર દુર છે અને તા. ૧૪-૧૫ જુને કચ્છમાં ટકરાવવાની શકયતા છે.

વડાપ્રધાન નરેન્દ્ર મોદી, ગૃહપ્રધાન અમિત શાહ અને બંદર ખાતાના પ્રધાન સર્બાનંદ સોનેવાલે ગુજરાતના અધિકારીઓ સાથે મીટીંગ કરીને તૈયારીઓની સમીક્ષા કરી હતી. કેન્દ્ર સરકારના એક પ્રેસ રીલીઝમાં જણાવાયું છે. 'વડાપ્રધાને સીનીયર અધિકારીઓને વાવાઝોડાની અસર હેઠળ આવતા તમામ લોકોનું સુરક્ષિત સ્થળાંતર કરવા તમામ જરૂરી પગલા લેવા અને વીજળી, દુરસંચાર, આરોગ્ય, પીવાના પાણી વગેરે જેવી જરૂરી સેવાઓ જાળવી રાખવા વાવાઝોડાથી જો તેમને નુકસાન થાય તો ઝડપથી પુનઃશરૂ કરવાના આદેશ આપ્યા છે.'


**ઓફિસ વેચાણ / ભાડે / લીઝથી**

ફુલ આધુનિક ફર્નિચર, CCTV કેમેરા, નવું બિલ્ડીંગ, લીફ્ટ, રોડ ફેસિંગ, ૬૨૨ ચો.ફુટ જગ્યા, જૂનાગઢના મધ્યમાં. CA, કલાસીસ, બેંક, ફાઈનાન્સ કું., IT કંપની, ટ્રેનિંગ સેન્ટર માટે મોકાની જગ્યા ખૂબજ વ્યાજબી ભાવે તાત્કાલીક આપવાની છે.

સંપર્ક : ૯૪૨૬૧ ૬૫૨૧૫



**સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિકનાં ૪૭માં વર્ષમાં મંગલ પ્રવેશ નિમિતે હાર્દિક શુભેચ્છા...**




પીઆરપી ટ્રીટમેન્ટ ફોર હેર ગ્રોથ




**ડો. કેયુર ચોવટીયા**

M.B., D.V.D. (SKIN)
CONSULTANT
DERMATOLOGIST AND
COSMEROLOGIST

ન્યુ લુક

● સ્કીન ● કોસ્મેટીક ● ફિટનેસ

બીજો માળ, જે.બી. કોમ્પ્લેક્ષ, બસસ્ટેશનની સામે, શિવ શકિત ટ્રાવેલ્સ વાળી ગલી - જૂનાગઢ
મો.૬૩૫૩૩ ૮૩૬૨૬



**વુડન સોફાસેટ**

૧૦ દિવસ સુધી ઓફર માન્ય




3x2 Size Rs. 13900/- Start
Corner Rs. 18900/- Start

આપની સાઈઝ મુજબ ઓર્ડરથી સોફા બનાવી આપશું તેમજ રીપેરીંગ કામ કરનાર

ઝાંઝરડા ચોકડી, રીલાયન્સ ટ્રેડ શો-રૂમ સામે, જૂનાગઢ. મો. ૯૭૭૩૪ ૩૯૧૮૭



**ચંદનનાં રોપા કેન્દ્ર - પ્લાસવા**

જન કલ્યાણ નર્સરી એન્ડ ફાર્મ
(ગામ પ્લાસવા)

સફેદ ચંદન, લાલ જાંબુ, લીંબુડી, લીલી ચા, કેસર આંબા, મીઠી તુલસી (સ્ટેવીયા) વગેરેના રોપા અમારે ત્યાંથી મળશે

ઘનશ્યામભાઈ સાવલીયા
મો. ૭૪૦૫૭ ૪૧૯૦૬
કલ્યાણભાઈ સાવલીયા
મો. ૯૮૨૪૮ ૨૨૬૫૦



તમામ પ્રકારનાં હઠીલા રોગોની આર્યુવેદીક પધ્ધતિથી સારવાર માટે નિષ્ણાંત
(કેન્સરનાં દર્દીઓ અવશ્ય સંપર્ક કરે)

**ડૉ. ધવલ સંઘવી**

બી.એ.એમ.એસ. (B.V.P.U.) Pune

ઈમ્યુનિટા લ્યો.. સંક્રમણથી બચો




સૌરાષ્ટ્રમાં સૌ પ્રથમ જૂનાગઢ ખાતે નાડી પરીક્ષણથી નિદાન તેમજ અપાતી સારવાર
એપોઈન્ટમેન્ટ :- જૂનાગઢ મો.: ૯૩૨૮ ૫૫૪૩૪૩

તમામ પ્રકારનાં રોગોની આયુર્વેદિક પધ્ધતિથી સારવાર કરવાનાં નિષ્ણાંત

વર્તમાનમાં કોરોનાથી બચવા અને સંક્રમણને અટકાવવા તેમજ રોગપ્રતિકારક શકિત વધારવા માટે ઈમ્યુનિટાનું નિયમિત સેવન કરો અને સ્વસ્થ રહો.... દવા એક ફાયદા અનેક

દરેક જગ્યાએ ઉપલબ્ધ

કલીનીક : પ્લોટ નં. ૪૧૭, જી.આઈ.ડી.સી.-૨, જૂનાગઢ.
સમય : સવારે ૧૦થી ૨ સાંજે : ૫ થી ૭.૩૦ સુધી
અગાઉથી એપોઈન્ટમેન્ટ લેવી...

## બીપરજોય વાવાઝોડાની ઈફેક્ટના પગલે

# ગીર સોમનાથ જિલ્લામાં સાર્વત્રિક વરસાદ વરસ્યો, વેરાવળમાં ૬, સુત્રાપાડામાં ૫ ઈંચ

## જિલ્લામાં ૨૨૫ લોકોનું સ્થળાંતર કરવાની સાથે તમામ શાળાઓ ત્રણ દિવસ માટે બંધ કરવામાં આવી

## વેરાવળ સ્ટેશનએથી ઉપડતી તમામ લોકલ-એક્સપ્રેસ ટ્રેનો ત્રણ દિવસ માટે રદ કરવામાં આવી








(રાકેશ પરડવા દ્વારા)

વેરાવળ, તા.૧૩

બીપરજોય વાવાઝોડાની આહટ વચ્ચે આજે બપોરથી ગીર સોમનાથ જિલ્લાના છએય તાલુકાઓમાં ભારે પવન વચ્ચે સાર્વત્રિક અડધો થી પાંચ ઈંચ જેટલો ધોધમાર વરસાદ વરસી ગયો છે. જિલ્લામાં સૌથી વધુ વેરાવળ સોમનાથમાં ૬ ઈંચ અને સૌથી ઓછો ગીરગઢડામાં ૭ મીમી વરસાદ વરસ્યો છે. જિલ્લાની તમામ શાળાઓ આગામી ત્રણ દિવસ સુધી બંધ રાખવાનો નિર્ણય ની જાહેરાત કરવામાં આવી છે. જિલ્લાનો દરીયો ગાંડોતુર હોવાથી સુત્રાપાડા પંથકના કાંઠાના ગામોમાંથી ૨૨૫ લોકોનું સ્થળાંતર કરવામાં આવેલ છે. આજે સવારથી વેરાવળ બંદર ઉપર ૩ નંબરનું ભયસુચક સિગ્નલ ચડાવવામાં આવેલ છે. બીપરજોય વાવાઝોડા અને ભારે વરસાદની આગાહીને લઈ જિલ્લાનું વહીવટી તંત્ર સાબદુ બન્યુ છે. જિલ્લાના પ્રભારી સચિવ જેનુ દેવાને જિલ્લા કલેકટર એચ.કે.વઢવાણીયા, ડીડીઓ રવિન્દ્ર ખતાલે, પોલીસવડા મનોહરસિંહ જાડેજા સહિતના અધિકારીઓ તથા તાલુકાવાર નિમણૂક કરાયેલા લાઈઝન અધિકારીઓ સાથે બેઠક યોજી તૈયારીઓની સમીક્ષા કરી જરૂરી માર્ગદર્શન આપતા કહેલ કે, કોમ્યુનિકેશન વ્યવહાર ખોરવાય નહી તે માટેની વ્યવસ્થા અને દરિયાકાંઠા વિસ્તારના સગર્ભા સ્ત્રીઓને સલામત સ્થળે ખસેડવા ,મેડિકલ ટીમ તથા જરૂરી દવાઓનો જથ્થો ઉપલબ્ધ રાખવો, એમ્બ્યુલન્સ સહિતના વાહનો તૈયાર રાખવા, આરોગ્ય કેન્દ્રોમાં જનરેટર સહિતની વ્યવસ્થા સ્ટેન્ડ બાય રાખવા સૂચના આપી હતી. ઉપરાંત જિલ્લાના દરિયાકાંઠાના ગામોના આગેવાનો સાથે વાર્તાલાપ કરી જરૂરી સુચનાઓ આપી એલર્ટ રાખવા કોમ્યુનિકેશન જાળવવા સૂચના આપી હતી.

### સાર્વત્રિક વરસાદ વરસ્યો

વાવાઝોડાની આહટ વચ્ચે સમગ્ર જિલ્લાના વાતાવરણમાં આજે બપોરથી પલટો આવ્યો હતો અને સુસવાટા મારતા પવન ફૂંકાવવાની વચ્ચે છએય તાલુકાઓમાં ધીમીધારે મેઘસવારી શરૂ થઈ હતી. જિલ્લામાં બપોરથી સાંજ સુધીમાં સાબલેધાર વરસાદ વરસી ગયો હતો. જેમાં વેરાવળ સોમનાથમાં ૧૪૭ મીમી (૬ ઈંચ), સુત્રાપાડામાં ૧૨૮ મીમી (૫ ઈંચ ), તાલાલામાં ૩૨ મીમી (૧.૨૫ ઈંચ), ઉનામાં ૧૫ મીમી (અડધો ઈંચ), કોડીનારમાં ૧૫ મીમી (અડધો ઈંચ), ગીરગઢડામાં ૭ મીમી વરસાદ વરસી ગયો હતો. વેરાવળ સોમનાથમાં પડેલ ભારે વરસાદના પગલે અનેક નીચાણવાળા વિસ્તારો, સોસાયટી વિસ્તારો, મુખ્ય બજારો અને રસ્તાઓ ઉપર ગોઠણડુબ પાણી ભરાઈ ગયા હતા. જેના પગલે રાહદારીઓ અને વાહનચાલકો મુશ્કેલી અનુભવી રહ્યા હતા. તો આજે જોડીયા શહેરમાં પડેલ ભારે વરસાદના પગલે રજા જેવો માહોલ જોવા મળી રહ્યો હતો.

### જાલેશ્વરના કાંઠે લાંગરેલ હોડીઓ બચાવવા તંત્રને ગુહાર

બીપરજોય ચક્રવાતની વેરાવળ સોમનાથના દરિયામાં વિપરિત અસર જોવા મળી રહી હતી. જેમાં શહેરના જાલેશ્વર દરિયા કાંઠે લાંગરેલ પાંચ જેટલી હોડીઓ દરિયામાં તણાઈ ગઈ હતી. જેથી આજીવિકાનું એકમાત્ર સાધન હોડીઓ દરિયામાં તણાઈ જતા કાંઠે વસતા માછીમાર પરિવારો મુશ્કેલીમાં મુકાયા હતા. ત્યારે આ વિસ્તારમાં હજુ પણ અનેક હોડીઓ કાંઠા ઉપર લાંગરેલ હોય જેના ઉપર જોખમ તોળાતું હોવાથી જેસીબી જેવી મશીનરીઓની મદદથી હોડીઓને સલામત સ્થળે ખસેડવા માછીમારો તંત્ર પાસે મદદની દુહાર લગાવી રહ્યા હતા.

### વેરાવળ સ્ટેશનેથી ઉપડતી તમામ ટ્રેનો ત્રણ દિવસ માટે રદ

વાવાઝોડા અને ભારે વરસાદની આગાહી વચ્ચે તંત્ર દ્વારા સલામતીને લઈ તમામ પગલાઓ ભરવામાં આવી રહ્યા છે. જે અંતર્ગત વેરાવળ રેલવે સ્ટેશન ખાતેથી દરરોજ ઉપડતી રાજકોટ, પોરબંદર, દ્વારકા-ઓખા, અમદાવાદ, મુંબઈ સહિતની તમામ લોકલ અને એકસપ્રેસ ટ્રેનો આગામી ત્રણ દિવસ એટલે કે તા. ૧૫ જુન સુધી બંધ (દોડશે નહીં) કરી દેવામાં આવેલ હોવાનું સ્ટેશન માસ્તર એસ.એસ.ઠાકુરએ જણાવેલ છે. જયારે જિલ્લાની તમામ પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓ પણ ત્રણ દિવસ માટે બંધ રાખવાનો આદેશ તંત્ર દ્વારા કરવામાં આવેલ છે.

## ગુજરાતના અનેક જિલ્લામાં મેઘરાજાની એન્ટ્રી

# ગીર સોમનાથ, દ્વારકા, જામનગર સહિતના જિલ્લાઓમાં ભારે પવન સાથે વરસાદ શરૂ

ગીર સોમનાથ તા.૧૩

અરબી સમુદ્રમાં સર્જાયેલું બિપોરજોય વાવાઝોડું વધુને વધુ વિકરાળ રૂપ લઈ રહ્યું છે. બિપોરજોય વાવાઝોડું ગુજરાત માટે આફતરૂપ બને તેવી શક્યતા સર્જાઈ છે. આ વાવાઝોડું પોરબંદરથી ૩૨૦ કિમી દૂર પહોંચી ગયું છે. તે ૧૫ જૂને કચ્છના માંડવી અને પાકિસ્તાનના કરાચી વચ્ચે ટકરાઈ શકે તેમ હોઈ હાલમાં પોરબંદર, દ્વારકા, જામનગર, ઓખા, સલાયા, મુંદ્રા, માંડવી અને જખૌ પોર્ટ પર ભય સૂચક સિગ્નલ લગાવવામાં આવ્યા છે. તો રાજ્યના કેટલાક વિસ્તારોના વાતાવરણમાં પલટો આવ્યો છે. ગુજરાતના ગીર સોમનાથ, પોરબંદર, દ્વારકા અને જામનગરમાં વરસાદ શરૂ થયો છે. ગીર સોમનાથમાં બિપોરજોય વાવાઝોડાની અસર જોવા મળી રહી છે. ગીર સોમનાથ જિલ્લામાં ધીમી ધારે વરસાદ શરુ થયો છે. વેરાવળ, સોમનાથ, સુત્રાપાડા, તાલાલા, કોડીનાર, ગીર ગઢડામાં વરસાદ શરૂ થયો છે. દરિયામાં પણ કરંટ સાથે ઊંચા મોજા ઉછળી રહ્યા છે. બિપરજોય વાવાઝોડાના કારણે વરસાદથી ખેડૂતોમાં ખુશી જોવા મળી રહી છે. ગીરમાં ખેડૂતોએ મગફળીના વાવેતર માટે તૈયારીઓ કરી છે. અરબી સમુદ્રમાં સર્જાયેલા બિપોરજોય વાવાઝોડાને પગલે પોરબંદરના વાતાવરણમાં પલટો આવ્યો છે. પોરબંદરમાં કાળા ડિબાંગ વાદળો વચ્ચે વરસાદ શરૂ થયો છે. પવન સાથે વરસાદ શરૂ થયો છે. દરિયામાં તોફાની મોજા ઉછળી રહ્યા છે.

બિપરજોય વાવાઝોડાની સંભવિત અસરને લઈ ધોરાજી ડિઝિસ્ટર વિભાગની ટીમ એલર્ટ થઈ ગઈ છે. ધોરાજીમાં વાવાઝોડાને લઈ વાતાવરણમાં પલટો જોવા મળી રહ્યો છે. ધોરાજીમાં ભારે પવન ફૂંકાવવાની સાથે ધીમી ધારે વરસાદ શરૂ થયો છે. ધોરાજીમા તંત્ર દ્વારા ગ્રામ્ય પંથકમાં માઈક દ્વારા સાવચેતી રાખવા સૂચના આપી આપવામાં આવી છે. સંભવિત બિપરજોય વાવાઝોડાની અસરને કારણે સાવચેતી રાખવી, વૃક્ષ નીચે બેસવું નહીં, કામ સિવાય ઘરની બહાર નીકળવું નહીં અને વીજપોલને અડકવું નહીં જેવી માઈક દ્વારા સતત સૂચના આપવામાં આવી રહી છે.

## દરિયામાં પણ કરંટ સાથે ઊંચા મોજા ઉછળી રહ્યા છે, બિપરજોય વાવાઝોડાના કારણે વરસાદથી ખેડૂતોમાં ખુશી જોવા મળી રહી છે

ગીર સોમનાથ, ધોરાજી, પોરબંદર ઉપરાંત દ્વારકા જિલ્લામાં પણ વરસાદની શરૂઆત થઈ છે. બિપરજોય વાવાઝોડાને કારણે વરસાદની શરુઆત થઈ છે. દ્વારકામાં ધીમી ધારે વરસાદી ઝાપટા શરુ થયા છે. વાવાઝોડાને કારણે વાતાવરણ બદલાતા પવન ફૂંકાઈ રહ્યો છે. આપને જણાવી દઈએ કે દ્વારકા સહિતના વિસ્તારોમાં હવામાન વિભાગે ભારે વરસાદની આગાહી કરી છે.

અમરેલીના ખાંભા ગીરના ગ્રામ્ય વિસ્તારમાં ભારે પવન સાથે ધોધમાર વરસાદ વરસી રહ્યો છે. પચપચીયા, રબારીકા, સાળવા, કંટાળા, ભાણીયા, ધુંધવાના ગામોમાં ભારે પવન સાથે વરસાદ શરૂ થયો છે. ભારે પવનને કારણે મિનિ વાવાઝોડા જેવી અસર જોવા મળી રહી છે.

## વાવાઝોડાની અસરથી મકાન

# ગીર સોમનાથમાં માઢવાડ ગામે ૬ મકાન ધરાશાયી

ગીર સોમનાથ, તા.૧૩

ગીર સોમનાથમાં માઢવાડ ગામે ૬ મકાન ધરાશાયી થયા હોવાની ઘટના સામે આવી છે. વાવાઝોડાની અસરથી મકાન ધરાશાયી થયા છે. દરિયાના ઊંચા મોજા મકાન સાથે અથડાતા ઘટના બની છે.

ગામના ૨૩ ઘરના ૧૬૦ લોકોનું હાલ સ્થળાંતર કરાયું છે. હાલમાં વાવાઝોડા બિપોરજોયની અસર ઠેર ઠેર જોવા મળી રહી છે. જેના કારણે રાજયના અનેક વિસ્તારોમાં વરસાદ શરૂ થયો છે. ગીરસોમનાથ જિલ્લામાં ધીમી ધારે વરસાદ વરસી રહ્યો છે. વેરાવળ, સોમનાથ, સુત્રાપાડા સહિત તમામ તાલુકામાં વરસાદ વરસી રહ્યો છે. તો રાજકોટના ગોંડલ પંથકમાં ભારે પવન સાથે ઝરમર વરસાદ વરસ્યો છે. ખાસ કરીને દરિયામાં હાલ કરંટ જોવા મળી રહ્યો છે. જેને કારણે ઊંચા મોજા ઉછળી રહ્યા છે. આ તરફ ગીર સોમનાથમાં ઉછળી રહેલા મોજાએ તારાજી સર્જી છે. જોકે વાવાઝોડાના સંભવિત ખતરાને લઈને સરકાર આયોજનબદ્ધ રીતે કામગીરી કરી રહી છે. ત્યારે આવતીકાલથી જોખમી વિસ્તારમાં રહેતા લોકોની સ્થળાંતર પ્રક્રિયા શરૂ થશે. કચ્છ, ગીર સોમનાથ અને દ્વારકા જિલ્લામાં જોખમી વિસ્તારમાં રહેતા લોકોનું સ્થળાંતર કરાશે. તંત્રએ દરિયા કિનારા પાસેના ૨૫ તાલુકાના લોકોની ઓળખ કરી છે. દરિયા કિનારાથી ૦થી ૨૫ કિલોમીટર વિસ્તારમાં રહેતા લોકોને અગ્રિમતા આપવામાં આવી છે.

## ગામના ૨૩ ઘરના ૧૬૦ લોકોનું હાલ સ્થળાંતર કરાયું છે, હાલમાં વાવાઝોડા બિપોરજોયની અસર ઠેર ઠેર જોવા મળી રહી છે

ગીર સોમનાથના વેરાવળમાં દરિયો તોફાની બનતા હોડી તણાઈ હોવાનું સામે આવ્યું છે. જાલેશ્વર દરિયાકાંઠેથી પાંચ જેટલી હોડી દરિયામાં તણાઈ ગઈ છે. આજીવિકાનું એકમાત્ર સાધન હોડી તણાઈ જવાથી માછીમાર પરિવારો મુશ્કેલીમાં મુકાયા છે. જેથી જાલેશ્વરના માછીમાર પરિવારે તંત્ર પાસે મદદની વિનંતી કરી હતી. તો વાવાઝોડાની અસરને પગલે દરિયો તાંડવ કરી રહ્યો છે જેનો ભોગ ગીર સોમનાથના દરિયા કિનારે આવેલા ઘરો બન્યા છે. જેમાં વાવાઝોડાની અસરથી મકાન ધરાશાયી થયા છે. દરિયાના ઊંચા મોજા મકાન સાથે અથડાતા આ ઘટના બની હોવાનું સામે આવ્યું છે. જોકે આ ઘટનાને લઈ ગામના ૨૩ ઘરના ૧૬૦ લોકોનું હાલ સ્થળાંતર કરાયું છે. મહત્વનુ છે કે આગામી સમયમાં હજી પણ કેટલાય લોકોને સ્થળાંતર કરવાની ફરજ પડી શકે તેવી સ્થિતી એચએએલ સર્જાઈ છે. જેને લઈ તંત્ર એલર્ટ થયું છે.

## વાવાઝોડાના પગલે દેવભૂમિ દ્વારકા જિલ્લામાં ધીમીધારે ચાર ઈંચ સુધી વરસાદ

(કુંજન રાડિયા દ્વારા)

જામ ખંભાળિયા તા.૧૩

હવામાન વિભાગની આગાહી મુજબ દેવભૂમિ દ્વારકા જિલ્લામાં બિપરજોય વાવાઝોડાના પગરવ સંભળાઈ રહ્યા છે. ત્યારે ગઈકાલે તેજ ફૂકાતા પવન સાથે ખંભાળિયા સહિત જિલ્લાના જુદા જુદા વિસ્તારોમાં અવીરત રીતે વરસાદ વરસ્યો હતો. આજે સવાર સુધી જિલ્લાના તમામ ચાર તાલુકાઓમાં વરસાદી પાણી વરસ્યા છે. આ સાથે જુદા જુદા વિસ્તારોમાં થોડા ઘણા અંશે ખાના ખરાબી પણ જોવા મળી રહી છે. દેવભૂમિ દ્વારકા જિલ્લામાં ભારે પવન સાથે ગઈકાલે વરસાદનું આગમન થયું હતું. બપોરે તેમજ સાંજે હળવા ઝાપટા બાદ ગત રાત્રે મુશળધાર વરસાદ વરસ્યો હતો. આજે સવારે ૮:૦૦ વાગ્યા સુધીમાં સૌથી વધુ ખંભાળિયામાં ચાર ઈંચ (૧૦૩ મિલિમિટર), ભાણવડમાં પોણા ચાર ઈંચ (૯૨ મિલિમિટર), કલ્યાણપુરમાં અઢી ઈંચ (૬૧ મિલિમિટર) અને દ્વારકામાં અડધો ઈંચ (૧૪ મિલિમિટર) વરસાદ નોંધાયો છે. જિલ્લાના મોટાભાગના વિસ્તારમાં આ વરસાદથી વાતાવરણમાં ઠંડક પ્રસરી જવા પામી છે. ધીમીધારે આવીરત વરસેલો આ વરસાદ ખેતરો માટે ફાયદાકારક અને વાવણી લાયક મનાઈ છે. આજે સવારથી વાદળોની આવન જાવન વચ્ચે સૂર્યનારાયણના દર્શન થયા ન હતા. વરસાદના પગલે થોડો સમય હતો પણ ખોવાઈ ગયો હતો. મીની વાવાઝોડા જેવા પવન તેમજ સાથે વસેલા વરસાદના કારણે જિલ્લાના જુદા જુદા વિસ્તારોમાં વૃક્ષો ધરાશાયી થયાના બનાવો પણ સામે આવ્યા છે.

## લોહાણા મહાજનવાડી ખાતે ફુડ પેકેટસ તૈયાર કરાયા

(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૧૩

વાવાઝોડાના અસરગ્રસ્ત પરિવારો માટે જૂનાગઢ હવેલી ગલીમાં આવેલ શ્રી જલારામ બાપાના મંદિર દ્વારા આજે તારીખ ૧૩- ૬- ૨૦૨૩ને મંગળવારથી ગિરનાર રોડ ઉપર આવેલ શ્રી લોહાણા મહાજન વાડી ખાતે ફૂડ પેકેટ્સ બનાવવાનો પ્રારંભ થશે તેમ શ્રી જલારામ મંદિર ટ્રસ્ટના પ્રમુખ મહેન્દ્રભાઈ મશરૂએ એક યાદીમાં જણાવ્યું છે.

## જૂનાગઢમાં કડિયા સમાજનાં વિદ્યાર્થીઓનો સન્માન સમારંભ યોજાશે

જૂનાગઢ તા.૧૩ : જૂનાગઢ શહેર કોર્પોરેશન વિસ્તારમાં રહેતા કડિયા સમાજનાં વિદ્યાર્થીઓ માટે ઉચ્ચ ગુણાંક પ્રાપ્ત કરેલ તેજસ્વી તારલાઓને સન્માનવાનો કાર્યક્રમ આગામી દિવસોમાં રાખવામાં આવનાર છે. તે માટેનાં ફોર્મ મેળવી તા. ૨૦-૬-૨૩ સુધીમાં સંપૂર્ણ ભરી શ્યામવાડી, પાંજરાપોળ સામે, જૂનાગઢ, શ્યામધામ મધુરમ-ટીંબાવાડી, સમીરભાઈ મોરવાડીયા, જોષીપરા, જીતુભાઈ શ્યામ વિદ્યાલય, ગાંધીગ્રામ, પ્રિતેનાભાઈ વાઘેલા, ઝાંઝરડા રોડ, હાર્દિકભાઈ ચાવડા ટીંબાવાડી ખાતે પહોંચાડવા પ્રમુખ ધીરૂભાઈ ગોહેલની યાદીમાં જણાવેલ છે.

## સોમનાથ-જબલપુર ટ્રેનમાં મુસાફરની રૂા. ૧.૩૬ લાખની સોનાની લકકી ચોરાઈ

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા. ૧૩

વેરાવળ રેલ્વે સ્ટેશન ખાતેથી સોમનાથ-જબલપુર એક્ષપ્રેસ ટ્રેનમાં વડોદરા તરફ જઈ રહેલા યાત્રીક જૂનાગઢ સ્ટેશન ખાતે જમવાનું પાર્સલ લેવા માટે ઉતર્યા હતાં. ટ્રેનમાં પરત ફરતી વખતે હાથમાં પહેરેલી સોનાની રૂા. ૧.૩૬ લાખની લકકી જોવા ન મળતાં ચોરી થઈ હોવાની પોલીસ ફરીયાદ નોંધાવી છે.

નિઝામપુરમાં રહેતા અને ટેક્ષ કન્સલટન્સનો ધંધો કરતાં તેજસ રાજેશભાઈ બસરાની સોમનાથ-જબલપુર ટ્રેન મારફતે વડોદરા જતાં હતાં. દરમ્યાન જૂનાગઢ રેલ્વે સ્ટેશન ખાતે ટ્રેન ઉભી રહેતાં પોતાનાં સંબંધી પાસેથી તેજસભાઈ જમવાનું પાર્સલ લેવા માટે ઉતર્યા હતાં. દરમ્યાન ટ્રેનમાં પરત ફરતાં તેમનાં હાથમાં પહેરેલી ૨૪.૨૦૦ ગ્રામ સોનાની લકકી જોવા મળી ન હતી. આમ તેમણે ટ્રેનમાં તપાસ કરતાં મળી આવી ન હતી. આથી તેમણે રૂા. ૧,૩૬,૦૦૦ની સોનાની લકકી ચોરાઈ હોવાની ફરીયાદ જૂનાગઢ પોલીસ સ્ટેશનમાં નોંધાવી છે.

## યાત્રાધામ દ્વારકામાં ભારે પવનના કારણે રૂક્ષ્મણી મંદિર ઉપરના શિખરની ધ્વજા તૂટી પડી



(રાકેશ પરડવા દ્વારા)

દ્વારકા તા.૧૩

દેવભૂમિ દ્વારકામાં ચક્રવાતની ભારે અસર જોવા મળી રહી છે ભારે પવનના લીધે રૂક્ષ્મણી મંદિરની ધ્વજા તૂટી હવામાં ઉડી તેજ પવન ચાલી રહ્યો હોવાથી સલામતીના ભાગરૂપે બીજી ધ્વજા ચઢાવવાનુ પુજારી દ્વારા મોકૂફ રખાયું છે.

## માણાવદર પંથકમાં પાંચ ઈંચ વરસાદ : ખેતરો તરબોળ



(પ્રતિનિધિ દ્વારા)

માણાવદર તા. ૧૩

માણાવદર પંથકમાં બીપોરજોય વાવાઝોડાનાં કારણે ગઈકાલથી આજ સવાર સુધીમાં મેઘો મહેરબાન થયો છે. પંથકમાં પાંચ ઈંચ જેટલો ઝંઝાવાતી વરસાદ પડતાં ખેતરો તરબોળ થયા છે. આ વરસાદથી ખેડૂતોને ફાયદો થયો છે. જયારે પ્રિમોન્સુનની કામગીરી અંગે પાલીકા, જીઈબી સામે ઠેર ઠેર ચર્ચા થઈ રહી છે. ખાસ કોઈ નુકશાનીનાં અહેવાલ કંટ્રોલરૂમાં નથી.

### વિજ પુરવઠો બંધ

માણાવદર પંથકમાં ગઈકાલે વાવાઝોડનાં કારણે ૬-૬ કલાક વિજ પુરવઠો બંધ રહેતા લોકો ત્રાહીમામ પોકારી ગયા હતાં. અનેક જગ્યાએ વીજ વાયરો તુટવા, ઝાડ પડવાની ઘટના બની હતી.

## શ્રીકષ્ટભંજનદેવ દાદાને ડ્રાયફ્રુટના વાઘાનો દિવ્ય શણગાર



(પ્રતિનિધિ દ્વારા)

સાળંગપુર તા.૧૩

સુપ્રસિદ્ધ યાત્રાધામ સાળંગપુરધામ શ્રી કષ્ટભંજનદેવ હનુમાનજી મંદિરખાતે પ.પૂ.શાસ્ત્રી સ્વામી હરિપ્રકાશદાસજી (અથાણાવાળા)ની પ્રેરણાથી તેમજ કોઠારી શ્રી વિવેકસાગરદાસજી સ્વામીના માર્ગદર્શનથી મંગળવાર નિમિત્તે તા.૧૩-૬-૨૦૨૩ના રોજ શ્રીકષ્ટભંજનદેવ દાદાને ડ્રાયફ્રુટના વાઘાનો દિવ્ય શણગાર ધરાવવામાં આવેલ હતો.

# પરબધામમાં અષાઢી બીજ મહોત્સવ ઉજવાશે, લાખો શ્રદ્ધાળુઓ સ્વયંભુ ઉમટી પડશે

## તા.૧૯ અને તા.૨૦ ના રોજ યોજાનાર લોકમેળામાં આવનાર ભાવિકો માટે ૧૦ હજાર સ્વયંસેવકો બે દિવસ ખડે પગે રહેશે





(રેનિશ મહેતા દ્વારા)

ભેસાણ તા.૧૩

ભેસાણ નજીક આવેલ સૌરાષ્ટ્રના સુપ્રસિદ્ધ તીર્થક્ષેત્ર પરબધામમાં પરંપરાગત રીતે આ વર્ષેપણ આગામી તા.૨૦ના રોજ અષાઢી બીજ મહોત્સવની ભવ્ય ઉજવણી થનાર છે. શ્રદ્ધાળુઓની આસ્થાના પ્રતીકસમા ધર્મસ્થાન ઉપર પ્રતિવર્ષાની જેમ આ વર્ષે પણ લાખો ભાવિક ઉપસ્થિત રહેશે. પરબધામના મહંત સંતશ્રી કરશનદાસ બાપુ ગુરૂશ્રી સેવાદાસદાસબાપુના સાનિધ્યમાં યોજાનાર આ મહોત્સવને તા.૨૦ ના રોજ સવારે ૭:૩૦ કલાકે મંદિરના પરિસરમાં ધ્વજારોહણ કરીને ખુલ્લો મુકાશે. જો કે માનવ મહેરામણ આગલા દિવસથી શરૂ થઈ જશે. આવનાર ભાવિકોને કોઈ મુશ્કેલી ન પડે તે માટે આશરે ૧૦ હજારથી પણ વધુ સ્વયંસેવકો બે દિવસ સુધી સેવા આપશે. તમામ લાખો ભાવિકોને ભોજન પ્રસાદ મળી રહે તે માટે કરશનદાસ બાપુ ના માર્ગદર્શન હેઠળ વ્યવસ્થાઓ ગોઠવાઈ ચૂકી છે. સંતો માટે રહેવાની અલગ વ્યવસ્થા પણ ગોઠવવામાં આવી છે આ મહાપર્વ દરમ્યાન ધ્વજારોહણ, પર્જન્ય યજ્ઞ, મહાઆરતી અને સંતવાણી સહિતના અનેક ઉત્સવો પણ યોજાશે. પરબધામનો આ મેળો ભજન, ભોજન અને ભક્તિનો ત્રિવેણી સંગમસમો બની રહેશે.

**પરબધામ તીર્થક્ષેત્ર સત્ સરભંગ આશ્રમ તરીકે ઓળખાય છે**

પરબધામ તીર્થક્ષેત્ર વર્ષો પૂર્વે સત્ સરભંગ આશ્રમ તરીકે ઓળખાતું હતું. આ ભૂમિ ઉપર દિવ્યાત્માઓ, ઋષિમુનિઓ, જોગી જોગંધરોર, સંત ફકીર અને ઓલિયા જેવા મહાપુરૂષો થઈ ગયા છે. જેમાં ૩૫૧ વર્ષ પૂર્વે દેવીદાસ બાપુ અને અમર માંએ અષાઢી બીજના દિવસે જીવતા સમાધિ લીધી હતી. ત્યારથી દર વર્ષે પરબધામમાં અષાઢી બીજના દિવસે પરંપરાગત સ્વયંભૂ માનવ મહેરામણ સમાધીના દર્શને આવે છે.

**મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ પણ દર્શનાર્થે આવે તેવી શક્યતા**

અષાઢીબીજના દિવસે જૂનાગઢમાં નવ નિર્માણ ઉપરકોટના ઉદ્‌ઘાટન પ્રસંગે ઉપસ્થિત રહેનાર મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ પરબધામ ખાતે સત્‌ની સમાધીએ શીશ ટેકવવા આવી પહોંચે તેવી શક્યતાઓ છે. અગાઉ ગુજરાત રાજ્યના તત્કાલીન મુખ્યમંત્રી અને હાલના વડાપ્રધાન નરેન્દ્ર મોદી પૂર્વ મુખ્યમંત્રી આનંદીબેન પટેલ મહારાષ્ટ્રના પૂર્વ મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડણવીસ, પૂર્વ કેન્દ્રીય મંત્રી પ્રફુલ્લ પટેલ સહિતના દિગ્ગજોએ પણ પરબધામ દર્શન કરીને ધન્યતા અનુભવી હતી.

### માંગરોળમાં બિપરજોય વાવાઝોડાના સામના માટે પરામર્શ

# રાજયના સહકાર મંત્રી જગદીશ વિશ્વકર્માએ માંગરોળના દરિયાકાંઠાના સરપંચો અને અધિકારીઓ સાથે બેઠક યોજી

## લોકોના જાનમાલને નુકસાન ન થાય અને અઘટીત ઘટના ન બને તે માટે આગોતરા આયોજન સાથે કામ કરવા ગ્રામ આગેવાનોને અનુરોધ






જૂનાગઢ, તા.૧૩

રાજયના સહકાર, મીઠા ઉદ્યોગ, છાપકામ અને લેખન સામગ્રી, પ્રોટોકોલ (સ્વતંત્ર હવાલો) લઘુ સૂક્ષ્મ અને મધ્યમ ઉદ્યોગ, કુટીર, ખાદી અને ગ્રામોદ્યોગ, નાગરિક ઉડ્ડયન રાજ્ય મંત્રીશ્રી જગદીશ વિશ્વકર્માએ માંગરોળ મામલતદાર કચેરી ખાતે દરિયાકાંઠાના ગામોના સરપંચો અને અધિકારીઓ સાથે બેઠક યોજી, વાવાઝોડાના રાહત બચાવની કામગીરી માટે જરૂરી પરમાર્ષની સાથે માર્ગદર્શન આપ્યું હતું. મંત્રીએ સરપંચો અને આગેવાનોની રજૂઆતો સાંભળી તેના નિરાકરણ માટે જરૂરી નિર્દેશ આપ્યા હતા. ખાસ કરીને ગામડાઓમાં વીજ પુરવઠો જળવાઈ રહે અને ભારે પવન કે વીજ લાઈનને અસર થવાની સ્થિતિમાં ત્વરિત કામગીરી હાથ ધરવા માટે જણાવ્યું હતું. ઉપરાંત લોકોના જાન માલ ને નુકસાન ન થાય તે માટે આગોતરા આયોજન કરવા અને જરૂરી અન્ય તકેદારી લેવા માટે ગ્રામ આગેવાનોને ભારપૂર્વક જણાવ્યું હતું. વાવાઝોડાની સ્થિતિને ધ્યાનમાં રાખીને ફૂડ પેકેટ પણ તૈયાર કરવામાં આવી રહ્યા છે. તેમજ માલ ઢોરને હાની ન થાય તે માટે સુરક્ષિત અને યોગ્ય જગ્યાએ રાખવા માટે પણ મંત્રીશ્રીએ જણાવ્યું હતું. સેન્ટર હોમમાં પણ જરૂરી સુવિધાઓ, માર્ગ ઉપર ધરાશાયી થયેલા વૃક્ષોને દૂર કરવા માટે વ્યવસ્થાઓ કરવામાં આવી છે, સગર્ભા બહેનો અને સીનીયર સીટીઝન વિશેષ કાળજી લેવા ઉપરાંત આ આફતમાં સંઘર્ષમાં ઊતર્યા વગર એક સાથે મળીને કામ કરવા માટે આગળ આવવા માટે પણ જણાવ્યું હતું. આ બેઠકમાં સાંસદ રાજેશભાઈ ચુડાસમા અને જિલ્લા ભાજપ પ્રમુખ કિરીટભાઈ પટેલે પણ જરૂરી સૂચનો કર્યા હતા. આ તકે ધારાસભ્ય ભગવાનજીભાઈ કરગઠિયા, દેવાભાઈ માલમ, જિલ્લા ભાજપ પ્રમુખ કિરીટભાઈ પટેલ, દિનેશભાઈ ખટારીયા, પ્રભારી સચિવ મનીષ ભારદ્વાજ, કલેક્ટર અનિલ કુમાર રાણાવસિયા, જિલ્લા વિકાસ અધિકારી મિરાંત પરીખ, જિલ્લા પોલીસ વડા રવિ તેજા વાસમશેટ્ટી સહિત સ્થાનિક અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# કોડીનારનાં મૂળદ્વારકા અને માઢવડનો દરિયો ગાંડોતૂર : ૪૫૦થી વધુ લોકોનું સ્થળાંતર

## ૧૫ ફૂટ થી વધુ ઊંચા રાક્ષશી મોજા ઉછળતા દરીયા કાંઠાથી ૫૦ થી ૬૦ મીટર દુર મકાનોની દીવાલો સાથે મોજા અથડાયા









(મુગલ અલ્તાફ દ્વારા)

કોડીનાર તા.૧૩

બીપોરજોય વાવાઝોડાની અસરના પગલે કોડીનાર તાલુકામાં ભારે પવન સાથે વરસાદ શરૂ થતાં અને દરીયામાં મહાકાયમોજા ઉછળતા દરિયાઈ પાણી કાંઠા વિસ્તારના ઘરોમાં ઘુસી જતા તેમજ સંભવિત બિપોરજોય વાવાઝોડાના ખતરાને પગલે કોડીનાર તાલુકાના મૂળદ્વારકા અને માઢવાડ બંદર સહિતના દરીયા કાંઠા વિસ્તારોમાં પોલીસ અને તંત્ર દ્વારા અસરગ્રસ્ત માછીમાર પરિવારોનું સ્થળાંતર કરવામાં આવ્યું છે. બીપોરજોય વાવાઝોડાની અસરના પગલે કોડીનારના મૂળદ્વારકાના દરીયામાં ભારે કરન્ટ જોવા મળતા દરિયો ગાંડોતૂર થતાં ૧૫ ફૂટ જેટલા મહાકાય મોજા ઉછલતા દરિયાકાંઠા થી ૫૦ થી ૬૦ મીટર દુર માછીમારોના મકાનોની દીવાલોમાં મોજા અથડાતા ૪ મકાનો ધરાશાઈ થયા છે. જ્યારે માઢવાડ બંદરે પણ દરિયાઈ થપાટના કારણે ૬ મકાનો ધરાશાઈ થતાં જેમ જેમ સંભવિત વાવાઝોડું નજીક આવી રહ્યું હોય દરિયો હજુ વધુ તોફાની બનવાની શક્યતાના કારણે પરિસ્થિતિ વધુ વિકટ બનવાની સંભાવનાને ધ્યાને લઈને પોલીસ અને સ્થાનિક માછીમાર સમાજના પટેલો દ્વારા અસરગ્રસ્ત માછીમારોનું સલામત સ્થળે સ્થળાંતર કરવાની કામગીરી શરૂ કરાઈ છે. બિપોરજોઈ વાવાઝોડાનો ખતરો દિવસેને દિવસે આગળ વધી રહ્યો છે અને વાવાઝોડું તેનો માર્ગ બદલીને હવે સૌરાષ્ટ્ર અને કચ્છના દરિયાકાંઠા વિસ્તાર ઉપર ત્રાટકવાની ભારતીય હવામાન વિભાગે આશંકાઓ વ્યક્ત કરી છે. જેને પગલે દરિયાકાંઠાના વિસ્તારોમાં ખાસ કરીને કચ્છ, દ્વારકા, જામનગર, પોરબંદર અને ગીર સોમનાથ જિલ્લામાં ભારે તકેદારી રાખવામાં આવી રહી છે. ત્યારે કોડીનાર તાલુકાના દરિયાકાંઠા અને માછીમારોની મોટી વસ્તી ધરાવતા કોડીનાર નજીક આવેલું મૂળદ્વારકા અને માઢવડ બંદર ઉપર વાવાઝોડાને કારણે કોઈ મોટું નુકસાન ન થાય તે માટે પોલીસ તંત્ર દ્વારા મૂળદ્વારકા અને માઢવાડ ગામમાંથી માછીમાર પરિવારોનું સ્થળાંતર કરી તેમને નજીકની પ્રાથમિક શાળા, કોમ્યુનિટી હોલ, સેલ્ટર હોમ સ્થળાંતરિત કરી તેમની રહેવા, જમવા સહિતની સુવિધાઓ પૂરી પાડવામાં આવી રહી છે. હાલમાં મૂળદ્વારકા બંદરના ૫૦ જેટલા ઘરોના ૨૫૦ જેટલા લોકોનું સ્થળાંતર કરવામાં આવ્યું છે તેમજ માઢવાડ બંદરે દરિયાઈ થપાટના કારણે ૬ મકાનો ધરાશાઈ થતાં અન્ય ૨૩ મકાનોના ૧૬૦ લોકો નો તંત્ર દ્વારા સ્થળાંતર કરાયું હતું તેમજ હજુ આગામી સમયમાં વધુ અસરગ્રસ્ત વિસ્તારમાંથી લોકોને સલામત સ્થળે ખસેડવાની કામગીરી જિલ્લા પોલીસ અને વહીવટી તંત્ર તેમજ ગામના પટેલો અને સામાજિક સંસ્થાઓ થકી કરવામાં આવનાર હોવાનું જાણવા મળી રહ્યું છે. વધુમાં મૂળદ્વારકા બંદરે દરિયો ભારે ગાંડોતૂર બનતા મહાકાય મોજા ઉછલતાં દરિયાઈ થપાટના કારણે ૪ મકાનો ધરાશાઈ થતાં કાંઠા વિસ્તારના અન્ય ૫૦ મકાનોના ૨૫૦ થી વધુ લોકોનું સ્થળાંતર કરાયું હતું. આ ઉપરાંત "માઢવડ બંદરે પણ દરિયા માં ભારે કરન્ટ આવતા દરિયો ગાંડોતૂર બનતા મહાકાય મોજા ઉછલતાં દરિયાઈ થપાટના કારણે ૬ મકાનો ધરાશાઈ થતાં કાંઠા વિસ્તારના અન્ય ૨૩ મકાનોના ૧૬૦ થી વધુ લોકોનું સ્થળાંતર કરાયું હતું.

# અખિલ ગુજરાત સિપાહી સમાજ દ્વારા રાજકોટ ખાતે રેહાનખાન બાબીને પ્રતિભા સન્માન એવોર્ડથી સન્માનિત કરાયા



જૂનાગઢ, તા.૧૩

હેમુ ગઢવી હોલ રાજકોટ ખાતે અખિલ ગુજરાત સિપાહી સમાજ એવોર્ડ અને સન્માન કાર્યક્રમ યોજાયું જેમાં સમાજના અગ્રણીઓની ઉપસ્થિતિમા સમાજના તેજસ્વી વિદ્યાર્થીને તેજસ્વી તારલા એવોર્ડ તેમજ સમાજ માટે કાર્ય કરનાર સમાજ શેષ્ઠીઓને સિપાહી રત્ન એવોર્ડ, મહિલા ગૌરવ એવોર્ડ, સેવા સન્માન એવોર્ડ, પ્રતિભા સન્માન એવોર્ડ, પત્રકાર સન્માન જેવા એવોર્ડથી સન્માનિત કરાયા જેમાં જૂનાગઢના યુવાન રેહાનખાન બાબીનું પ્રતિભા સન્માન એવોર્ડ આપી સન્માનિત કરાયા આ તકે રેહાનખાન બાબીએ અખિલ ગુજરાત સિપાહી સમાજના દરેક પાંખના હોદેદારોનો તેમજ સમગ્ર અખિલ ગુજરાત સિપાહી સમાજનું આભાર વ્યકત કરેલ છે.

# જૂનાગઢમાં વિનામુલ્યે આહારલક્ષી માર્ગદર્શન તથા યોગાસન વર્ગોનો પ્રારંભ થયો



જૂનાગઢ, તા.૧૩

શ્રી રામ ચરિત માનસ આધારિત માનસ યોગ સાધના કેન્દ્ર, કે જે બદરી નારાયણ સેવાગ્રામ, મેરઠના માર્ગદર્શન હેઠળ ચાલતી સંસ્થા છે જેનો જૂનાગઢ તપ–સેવા–સુમિરન પરિવાર દ્વારા તુલસી ભવન, ગિરનાર દરવાજા ખાતે તા.૧૦/૬/૨૦૨૩ના રોજથી વિધિવત રીતે શુભારંભ કરવામા આવ્યો છે. આ પ્રસંગે સવારના યોગ કરાવવામાં આવ્યા તેમજ સાંજે ધ્યાન, સત્સંગ, ભજન તથા ભોજન કાર્યક્રમ રાખવામા આવ્યો હતો જેમાં આશરે ૧૦૦થી વધુ સાધકો હાજર રહયા હતા. જૂનાગઢની જનતા શારીરીક, માનસિક તથા આધ્યાતિમક ઉન્નતિ કરી શકે તે હેતુથી આ સંસ્થા દ્વારા નિયમિત રીતે સવારના ૫.૩૦ થી ૭.૦૦ કલાકે યોગના વર્ગો વિનામુલ્યે શરૂ કરવામાં આવેલ છે તેમજ 'આહાર એ જ દવા' આહારને દવા બનાવી વગર દવાએ સ્વાસ્થ્યપ્રાપ્તિ કેમ કરી શકાય તેનું માર્ગદર્શન સેવાના હેતુથી આપવામા આવશે જેમાં સૌ કોઈ આવકાર્ય છે તેમ એક યાદીમાં જણાવેલ છે.

# દ્વારકા ખાતે શહેરી વિકાસ યોજના અંતર્ગત નગરપાલિકામાં "સિટી સિવિક સેન્ટર"નું ઈ-લોકાર્પણ મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલના વરદ હસ્તે કરાયું

## દ્વારકાના ધારાસભ્ય પબુભા માણેક સહિત મહાનુભાવોની પ્રેરક ઉપસ્થિતી : સિટી સિવિક સેન્ટરમાં મિલકત વેરા, વ્યવસાય વેરો, ગુમાસ્તાધારા નોંધણી, લગ્ન નોંધણી જેવી વિવિધ નગરપાલિકાઓ દ્વારા આપવામાં આવતી ઓનલાઈન સેવાઓ એક જ છત્ર નીચે પ્રાપ્ત થશે





(રાકેશ સામાણી દ્વારા)

દ્વારકા તા.૧૩

સરકાર દ્વારા શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના અંતર્ગત દ્વારકા નગરપાલિકાના "સિટી સિવિક સેન્ટર" સહિત રાજયના ૨૨ જેટલા "સિટી સિવિક સેન્ટર"નું ઈ-લોકાર્પણ મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ દ્વારા બનાસકાંઠાના પાલનપુર ખાતેથી ઈ-લોકાર્પણ કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ધારાસભ્ય પબુભા માણેકે જણાવ્યું હતું કે, ભગવાન દ્વારકાધીશની પવિત્ર ભૂમિ દ્વારકા ઉત્તરોતર પ્રગતિ કરે તે માટે રાજ્ય સરકાર દ્વારા અનેક પ્રયાસો હાથ ધરવામાં આવ્યા છે. ત્યારે રાજયના નાગરિકોની સુખાકારીમાં વધારો કરતા મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ દ્વારા ૨૨ જેટલા સિટી સિવિક સેન્ટરનું ઈ લોકાર્પણ કર્યું છે જેમાં દ્વારકાનો પણ સમાવેશ થાય છે. વધુમાં ધારાસભ્યએ જણાવ્યું હતું કે, દ્વારકમાં શરૂ થનાર સિટી સિવિક સેન્ટર ખાતે નાગરિકોને અનેકવિધ સુવિધાઓ ઉપલબ્ધ થવાથી નાગરિકો લાભ મળશે. 'સિટી સિવિક સેન્ટર'માં મિલકત વેરાનું ચુકવણું, મિલકત વેરાની આકારણી, મિલકત વેરાની રસીદ, વ્યવસાય વેરો, વ્યવસાય નોંધણી પ્રમાણપત્ર, વ્યવસાય કર્મચારી નોંધણી પ્રમાણપત્ર, જન્મ/મરણ પ્રમાણપત્ર, પાણી/ગટર જોડાણની અરજી, હોલ બુકિંગ, ફરિયાદ નોંધણી, બાંધકામની રજાચિઠ્ઠી, ફાયર એન.ઓ.સી અરજી, ગુમાસ્તાધારા નોંધણી, ગુમાસ્તાધારા પ્રમાણપત્ર, લગ્ન નોંધણી પ્રમાણપત્ર જેવી નગરપાલિકાઓ દ્વારા આપવામાં આવતી સેવાઓ એક જ છત્ર નીચે સિટી સિવિક સેન્ટરમાં ઓનલાઈન તેમજ રૂબરૂ રીતે ઉપલબ્ધ કરાવવામાં આવશે.

# ગૃહ રાજયમંત્રી હર્ષ સંઘવીએ 'બિપરજોય' વાવાઝોડા સંદર્ભે દેવભૂમિ દ્વારકાના રૂપેણ બંદરનું નિરીક્ષણ કર્યું

(રાકેશ સામાણી દ્વારા)

દ્વારકા, તા.૧૩



ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવીએ 'બિપરજોય' વાવાઝોડાને અનુલક્ષીને દેવભૂમિ દ્વારકાના રૂપેણ બંદરનું નિરીક્ષણ કર્યું હતું. તેમણે રૂપેણ બંદર પ્રાથમિક શાળા ખાતે સ્થળાંતર કરાયેલા નાગરિકો રૂબરૂ મુલાકાત લીધી હતી. તેમજ નાગરિકોને જમવાની તેમજ પ્રાથમિક સુવિધાઓની સમીક્ષા કરી હતી. ત્યારબાદ રૂપેણ બંદર કાંઠે જઈ સુરક્ષા સંબંધિત બાબતો નિરીક્ષણ કરી ઝીરો કેજ્યુલિટી રહે અને ઓછામાં ઓછું નુકસાન થાય તે માટે જરૂરી દિશા નિર્દેશ આપ્યા હતા. ગૃહરાજયમંત્રી રૂપેણ બંદરની મુલાકાત દરમ્યાન દ્વારકા ધારાસભ્ય પબુભા માણેક, રેન્જ આઈ.જી.અશોકકુમાર યાદવ, પ્રાંત અધિકારી દ્વારકા પાર્થ તલસાણીયા, નાયબ પોલીસ અધિક્ષક હાર્દિક પ્રજાપતિ, જિલ્લા ભાજપ પ્રમુખ મયુર ગઢવી, અગ્રણી યુવરાજસિંહ વાઢેર સહિતના અધિકારીઓ તથા કર્મચારીઓ સાથે રહ્યા હતા.

સૌરાષ્ટ્ર ભૂમિ
દૈનિક

## તંત્રી લેખ

# બિહારમાં ભ્રષ્ટાચારનો પુલ : ૯ વર્ષથી બની રહેલો પુલ, પુરો થવાનું નામનથી લેતો !!

બિહારના ભાગલપુરમાં ગંગા નદી પર નિર્માણાધીન પુલ બીજીવાર તૂટી પડવો એ ભ્રષ્ટાચારની પરાકાષ્ઠા જ કહી શકાય. શરમજનક માત્ર એટલું જ નથી કે આ નિર્માણાધીન પુલ બીજી વખત તૂટ્યો, પરંતુ એ પણ છે કે તે છેલ્લાં નવ વર્ષથી બની રહ્યો છે, પરંતુ પૂરો થવાનું નામ નથી લેતો. આ લેટલતીફી એટલા માટે હેરાન કરનારી છે કે હજુ હાલમાં જ સંસદનું નવું ભવન તૈયાર થયું છે. તે લગભગ અઢી વર્ષમાં બનીને તૈયાર થઈ ગયું. શું એ વિચિત્ર નથી કે સંસદનું નવું ભવન તો અઢી વર્ષમાં બની ગયું, પરંતુ એક પુલ નવ વર્ષમાં પણ બની નથી શક્યો? આ ત્યારે છે, જ્યારે આ પુલને નીતિશ સરકારનો ડ્રીમ પ્રોજેક્ટ ગણાવવામાં આવે છે. જ્યારે સરકારની પ્રાથમિકતાવાળા પ્રોજેક્ટની પણ જો આવી દુર્ગતિ થતી હોય તો એ સહજ રીતે સમજી શકાય છે કે અન્ય પરિયોજનાઓની શી સ્થિતિ હશે? કુલ ૩.૧૭ કિલોમીટર લાંબા આ પુલનો શિલાન્યાસ ૨૦૧૪માં મુખ્યમંત્રી નીતિશકુમારે કર્યો હતો, જેનો ખર્ચ ૧૭૧૦ કરોડ રૂપિયા છે. ઉત્તર બિહારને દક્ષિણ બિહાર સાથે જોડનારો આ પુલ બની ગયા બાદ, જેને ત્યાં ગંગા નદી પર બની રહેલો છઠ્ઠો પુલ ગણાવાય છે, ભાગલપુરથી ખગડિયા, સહરસા, મધેપુરા અને સુપોલ વચ્ચે આવવા જવામાં લાગતો સમય ઘણો બચી જવાની વાત કરવામાં આવે છે. બિહાર સરકાર ગમે તે કહે, આ પુલ ફરીથી તૂટી પડવો તેની બદનામી કરાવે તેવું છે અને તેના માટે તે અન્ય કોઈને જવાદાર ન ઠેરવી શકે. પુલ તૂટી પડતાં બિહાર સરકારની પ્રતિક્રિયા પણ નિરાશ કરનારી રહી. આખરે એમ કહેવાનો શો અર્થ કે યોગ્ય રીતે નથી બની રહ્યો તેથી જ તૂટી રહ્યો છે! પ્રશ્ન એ છે કે યોગ્ય રીતે નહીં બનવાની જવાબદારી કોની છે? આ પુલ ફરીથી તૂટી પડવાથી એ પણ જાણ થાય છે કે બિહાર બદહાલીમાંથી બહાર કેમ નથી નીકળી રહ્યું? આ પુલના માળખાનું બીજી વખત તૂટી પડવું એ પણ દર્શાવે છે કે જ્યારે તે પહેલી વાર તૂટ્યો તો જરૂરી બોધ લેવાનો ઈનકાર કરવામાં આવ્યો. એપ્રિલ, ૨૦૨૨માં તેનો એક હિસ્સો તૂટી પડ્યા બાદથી જ આ પુલ પર સવાલો ઊઠવા ચાલુ થઈ ગયા હતા. ત્યારે આરોપ લાગ્યા હતા કે તેના નિર્માણમાં હલકી સામગ્રી વાપરવામાં આવી છે. ખરું તો એ છે કે ગયા વર્ષે પુલનો એક હિસ્સો તૂટી પડ્યા બાદ પણ તેનું નિર્માણ ચાલુ રાખવામાં આવ્યું અને દોષીતો વિરુદ્ધ શી કાર્યવાહી થઈ તેની કોઈને કશી ખબર નથી. શું રાજ્ય સરકાર કોઈને બચાવી રહી છે?

ભાગલપુરને ખગડિયા સાથે જોડનાર પુલ બીજી વાર તૂટી પડવાથી એ જાણવું મુશ્કેલ છે કે હવે તે ક્યારે બનીને તૈયાર થશે અને તેના ખર્ચમાં કેટલો વધારો થશે? એ નક્કી છે કે જે પણ વધારો થશે, તે જનતાના પૈસાની જ બરબાદી હશે. આ પુલ ફરી વાર તૂટી પડવાથી જે ફક્ત સંયોગ કહીને હાથ ઊંચા ન કરી શકાય, કારણ કે બિહારમાં આના પહેલાં પણ કેટલાય નિર્માણાધીન કે પછી નવા બનેલા પુલ ધસી ચૂક્યા છે. તેનો મતલબ છે કે નિર્માણ પરિયોજનાઓમાં ભ્રષ્ટાચારની ઉધઈ લાગી ગઈ છે. આવું ત્યારે થાય છે, જ્યારે ભ્રષ્ટ તત્ત્વોના ગઠબંધન પર લગામ લગાવવાનો ઈનકાર કરવાની સાથે એ જોવાથી બચવામાં આવે છે કે નિર્માણ પરિયોજનાઓ સમયસર અને યોગ્ય રીતે કેમ પૂરી નથી થઈ રહી? એમ તો સડકો, પુલો વગેરેના નિર્માણમાં ભ્રષ્ટાચાર અને તેની ગુણવત્તાની અવગણના એક રાષ્ટ્રવ્યાપી સમસ્યા છે, પરંતુ એ તો હદ છે કે કોઈ નિર્માણાધીન પુલ બે-બે વાર તૂટી જાય. સમજવું મુશ્કેલ છે કે જ્યારે અંગ્રેજોના જમાનામાં બનાવવામાં આવેલ નિર્માણ આજે પણ મજબૂત જણાય છે ત્યારે નિર્માણાધીન પરિયોજનાઓ પરી થતાં પહેલાં જ કેમ ધ્વસ્ત થઈ જાય છે?

## આપની આવતીકાલ કેવી જશે...?

**:: રત્નકણીકા ::**

સાચો માનવી એ જ છે, જે બુરાઉનો બદલો ભલાઈથી આપે છે.

- મહાત્મા ગાંધીજી

## : આજનું પંચાંગ :

વિક્રમ સં. ૨૦૭૯, શા. શાકે. ૧૯૪૫, પા.બહમન-૧૩૯૨, મુ. જીલ્કાદ-૧૪૪૪, જૈન વીર સં.-૨૫૪૯, કચ્છી સં. ૨૦૭૯, જયેષ્ઠ વદ-૧૦ પંચક (બપોરે ૧:૩૩ ક.થી સમાપ્ત) તા.૧૩ જૂન ૨૦૨૩, મંગળવાર, પારસી તા.૨, મુસ્લિમ તા.૨૩, રેવતી નક્ષત્ર, સૌભાગ્ય યોગ, બવ કરણ, સૂ.ઉ.૬:૦૫, સૂ.અ.૭:૩૬

આજનો દિવસ સાધારણ છે.

આજે જન્મેલા બાળકની રાશી મીન (દ ચ ઝ થ), બપોરે ૧:૩૩ ક. પછી જન્મેલા બાળકની રાશી મેષ (અ લ ઈ) છે.

- કનકચંદ્ર સી. વ્યાસ

મેષ: નાણાંકીય સમસ્યાનો ઉકેલ મળે. નવિન આયોજનો પાર પડે.
વૃષભ: મિત્રોથી લાભ મળે. આર્થિક વિકાસના માર્ગ ખુલે.
મિથુન: વ્યર્થ વાદ-વિવાદમાં ન પડવું હિતાવહ. શત્રુઓ ફાવી જતા જણાય.
કર્ક: નવિન તક મળે. પ્રવાસથી લાભ થાય.
સિંહ: કાર્યમાં રૂકાવટ આવે. પડવા-વાગવાથી સંભાળવું.
કન્યા: સંતાનથી લાભ મળે. કાનુની કાર્યમાં સફળતા મળે.
તુલા: માનસિક અશાંતિના ભોગ બનવું પડે. વ્યર્થ ક્રોધ રહે.
વૃશ્ચિક: મનની મુરાદ બર આવે. આર્થિક ધન લાભ રહે.
ધન: સારા કાર્યો અટકી-અટકીને પૂર્ણ થાય. હિતશત્રુઓનું જોર વધે.
મકર: સ્વજનો કે નજીકના મિત્રોથી લાભ થાય. અટકેલા કાર્યો પૂર્ણ થાય.
કુંભ: નવિન ઓળખાણ થાય. આર્થિક સમસ્યા દૂર થતી જણાય.
મીન: સાહસિક કાર્યોથી ધન લાભ થાય. પર્યટનનો યોગ છે.

### વંશવાદ મુદ્દે સુપ્રિયા સુલેએ મૌન તોડ્યું

# દેશની સંસદ મારા પિતા, કાકા કે માતા ચલાવતા નથી:સુપ્રિયા સુલે



મુંબઈ,તા.૧૩

સુપ્રિયા સુલે અને પ્રફુલ પટેલને નેશનલ કોંગ્રેસ પાર્ટીના કાર્યકારી અધ્યક્ષ બનાવવામાં આવ્યા છે. એનસીપી પ્રમુખ શરદ પવારે શનિવારે આની જાહેરાત કરી હતી. દ્રઝઁના કાર્યકારી અધ્યક્ષ બનાવાયા બાદ સુપ્રિયા સુલેએ વંશવાદના રાજકારણ પર પોતાનું મૌન તોડ્યું છે. સુલેએ કહ્યું કે પ્રતિભા પવાર અને શરદ પવારની પુત્રી હોવાનો તેણીને ગર્વ છે. તે ક્યારેય ભત્રીજાવાદ કે વંશવાદના રાજકારણથી ભાગશે નહીં. આ સાથે સુપ્રિયા સુલેએ કહ્યું કે તેઓ ભત્રીજાવાદની રાજનીતિથી દૂર જઈ શકે નહીં. કારણ કે તેમનો જન્મ રાજકીય પરિવારમાં થયો હતો. તો શા માટે તેણે તેનાથી દૂર ભાગવું જોઈએ? શરદ અને પ્રતિભા પવારની પુત્રી હોવાનો તેને ખૂબ જ ગર્વ છે.મીડિયા રિપોર્ટ્સ અનુસાર સુપ્રિયા સુલેએ કહ્યું કે જે લોકો મારા માટે વંશવાદની વાત કરે છે. તેઓએ આપણી સંસદની કામગીરી જોવી જોઈએ. દેશની સંસદ મારા પિતા, કાકા કે માતા ચલાવતી નથી. લોકસભા ચૂંટણીનું પ્રદર્શન દર્શાવે છે કે તે ચૂંટણી જીતીને સંસદમાં પહોંચી છે. આ સાથે તેમણે કહ્યું કે આ કોઈ વંશની રાજનીતિ નથી. તે મારી યોગ્યતા પર આધારિત છે.તે જ સમયે, એનસીપીની કાર્યકારિણીના અધ્યક્ષાની જાહેરાત કરતા, શરદ પવારે શનિવારે કહ્યું કે અજિત પવાર પાસે મહારાષ્ટ્ર વિધાનસભામાં વિપક્ષના નેતા તરીકેનું પદ પહેલેથી જ છે. સુપ્રિયા સુલે અને પ્રફુલ પટેલને પાર્ટીની અંદર કોઈ ખાસ જવાબદારી નહોતી. તે જ સમયે, વંશવાદી રાજકારણના આરોપ પર શરદ પવારે કહ્યું કે આ તેમનો નિર્ણય નથી. પાર્ટીના લોકોએ આ નિર્ણય લીધો છે.આ સમગ્ર મુદ્દે અજિત પવારે કહ્યું કે સુપ્રિયા સુલે રાષ્ટ્રીય રાજનીતિમાં સારું પ્રદર્શન કરી રહી છે. તેમનું ધ્યાન મહારાષ્ટ્રના રાજકારણ પર છે. તેમને મહારાષ્ટ્રના રાજકારણમાં શરૂઆતથી જ રસ છે. સુપ્રિયા છેલ્લા ઘણા સમયથી દિલ્હીમાં છે. તેમણે એમ પણ કહ્યું કે પ્રફુલ પટેલ અને તેઓ ૧૯૯૧માં એક જ સમયે સાંસદ બન્યા હતા. દેશના રાજકારણમાં તેમને ખાસ રસ નહોતો. તેથી જ તેઓ મહારાષ્ટ્રના રાજનીતિમાં ત્યાં ગયા બાદ ખુશ છે. તેમણે કહ્યું કે પવાર સાહેબે લીધેલો નિર્ણય. પાર્ટી માટે આ એક સારો નિર્ણય છે.

# અયોધ્યાના રામ મંદિરમાં ૨૨ જાન્યુઆરીએ વડાપ્રધાન મોદીને પૂજાનું આમંત્રણ



(એજન્સી)અયોધ્યા,તા.૧૩

૨૨ જાન્યુઆરી, ૨૦૨૪ના રોજ અયોધ્યામાં રામલલા વિરાજમાનની પૂજાને લઈને રામ મંદિર ટ્રસ્ટ દ્વારા પીએમ મોદીને આમંત્રણ મોકલવામાં આવ્યું હતું, જેના માટે વડાપ્રધાન કાર્યાલય તરફથી કોઈ જવાબ મળ્યો નથી. આ માહિતી રામ મંદિર ટ્રસ્ટ દ્વારા આપવામાં આવી છે. વાસ્તવમાં, રામલલાના જીવનને ૨૨ જાન્યુઆરીએ શ્રી રામની નગરી અયોધ્યામાં પવિત્ર કરવામાં આવશે, જેની તૈયારીઓ ચાલી રહી છે. ૨૨ જાન્યુઆરી, ૨૦૨૪ એ એવી તારીખ છે કે જે દિવસે રામ મંદિરના દર્શન માટે કરોડો ભક્તોની રાહનો અંત આવશે. આ તે દિવસ હશે જ્યારે ભગવાન રામલલા ગર્ભગૃહમાં બિરાજશે. રામલલાની પ્રાણ પ્રતિષ્ઠા સમયે દેશના તમામ પ્રદેશોના મંદિરોને શણગારવામાં આવશે, તો ક્યાંક શ્રી રામ જન્મભૂમિ મંદિરમાં યોજાનાર પ્રાણ પ્રતિષ્ઠાનો કાર્યક્રમ પણ દેશના વિવિધ સ્થળોએ વર્ચ્યુઅલ રીતે બતાવવામાં આવશે. અયોધ્યામાં ભવ્ય રામ મંદિર માટે નિર્માણ કાર્ય પૂરજોશમાં ચાલી રહ્યું છે. આ દરમિયાન કન્સ્ટ્રક્શન સાઈટની તાજી તસવીરો સામે આવી છે, જેમાં રામ મંદિરનું ભોંયતળિયું લગભગ બનીને તૈયાર થઈ ગયું હોવાનું દેખાઈ રહ્યું છે. આ તસવીરો શ્રી રામ જન્મભૂમિ તીર્થ ક્ષેત્ર ટ્રસ્ટના જનરલ સેક્રેટરી ચંપત રાયે શેર કરી છે, જેઓ શ્રી રામ મંદિરનું નિર્માણ કરાવી રહી છે. અયોધ્યામાં બની રહેલા રામ મંદિરને ૨૦૨૪ સુધીમાં ભક્તો માટે ખોલવાનું લક્ષ્ય નક્કી કરવામાં આવ્યું છે.


# પ્રિયંકાએ માતા નર્મદાની પૂજા કરીને ચૂંટણીનું બ્યુગલ વગાડ્યું



જબલપુર,તા.૧૩

કોંગ્રેસના રાષ્ટ્રીય મહાસચિવ પ્રિયંકા ગાંધી આજે મધ્યપ્રદેશમાં છે. સોમવારે રાણી દુર્ગાવતીની પ્રતિમાને પુષ્પાંજલિ આપીને તેમણે મધ્યપ્રદેશમાં ચૂંટણીના નારા લગાવ્યા હતા. તેણે સૌથી પહેલા મધ્યપ્રદેશના લોકોની સામે ગેરંટી કાર્ડ આપતા કહ્યું કે કર્ણાટક ચૂંટણીમાં પણ તેમણે આ જ ગેરંટી આપી હતી. આ પછી ત્યાંના લોકોએ કોંગ્રેસ સરકાર પર મહોર મારી. ત્યાંની સરકારે પણ આ તમામ ગેરંટી માટે બિલ પાસ કરીને પોતાનું વચન પૂરું કર્યું છે. પરંતુ હવે મધ્યપ્રદેશનો વારો છે. તેમણે કહ્યું કે તે આ જ પાંચ ગેરંટી મધ્યપ્રદેશના લોકો સામે પણ રાખી રહી છે. આ પ્રસંગે તેમણે ભાજપ પર આકરા પ્રહારો કર્યા હતા. કહ્યું કે તેઓ ભગવાનના નામે સત્તામાં આવે છે, પરંતુ ભગવાનને પણ છોડતા નથી. તેમણે મહાકાલ લોક બનાવ્યા, પરંતુ છ મહિનામાં અહીંની મૂર્તિઓ હવામાં ઉડી રહી છે. દર મહિને એક કૌભાંડ થઈ રહ્યું છે. મધ્યપ્રદેશની જનતાને યાદ કરતા તેમણે કહ્યું કે વર્ષ ૨૦૧૮માં તમે કોંગ્રેસની સરકાર બનાવી હતી.તે જનતાની સરકાર હતી, પરંતુ પૈસાના જોરે આ લોકોએ જનાદેશને કચડી નાખ્યો અને તમારી સરકારને ઉથલાવી દીધી. આ લોકોએ એવી સરકાર બનાવી છે જે ભ્રષ્ટાચારમાં ગરકાવ છે. આમાં જનતાને કોઈ ફાયદો થયો હોત તો સમજી શકાય તેમ હતું.તેણે ફરી એકવાર તેની ખાતરીનો પુનરોચ્ચાર કર્યો. કહ્યું કે આજે હું જે પાંચ ગેરંટી આપું છું. તે કોઈપણ ભોગે પૂર્ણ કરશે. કોંગ્રેસ મહાસચિવ પ્રિયંકા ગાંધી સોમવારે સવારે જબલપુર પહોંચ્યા હતા. પ્રદેશ કોંગ્રેસ અધ્યક્ષ કમલનાથ પોતે તેમને રિસીવ કરવા એરપોર્ટ પહોંચ્યા હતા. આ દરમિયાન પાર્ટીના અન્ય તમામ મોટા નેતાઓ પણ હાજર હતા.મહાકૌશલ પહોંચ્યા બાદ પ્રિયંકાએ સૌપ્રથમ માતા નર્મદાની પૂજા કરીને ચૂંટણીનું બ્યુગલ વગાડ્યું હતું. આ પછી તેમણે રાણી દુર્ગાવતીની પ્રતિમાને માળા પહેરાવી અને પછી જાહેર સભામાં પહોંચ્યા. ૩૮ વિધાનસભાઓ ધરાવતા મહાકૌશલમાં કોંગ્રેસે વર્ષ ૨૦૧૮માં શાનદાર પ્રદર્શન કર્યું હતું. કોંગ્રેસની કોશિશ ૨૦૨૩માં હજુ વધુ સારું પ્રદર્શન કરવાની છે.

# "સ્ટાલિનજી કાન ખોલીને સાંભળી લો" અમારી સરકારે તમિળનાડુને રૂપિયા ૨ લાખ ૪૭ હજાર કરોડ આપ્યા: અમિત શાહ



(જી.એન.એસ)ચેન્નાઈ,તા.૧૩

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ આજે તમિલનાડુના પ્રવાસે છે.

અહીં વેલ્લોરમાં એક જનસભાને સંબોધિત કરતી વખતે તેમણે રાજ્યની ડીએમકે-કોંગ્રેસ સરકાર પર આકરા પ્રહારો કર્યા હતાં. ગૃહમંત્રીએ તમિલનાડુમાં ૧૦ વર્ષ સુધી કોંગ્રેસ-ડીએમકેની સરકાર હતી. તે દરમિયાન ૧૨,૦૦૦ કરોડ રૂપિયાના કૌભાંડોમાં સંડોવાયેલી હોવાની અને DMKના કારણે દેશને કોઈ તમિળ વડાપ્રધાન ના મળવાનો ગંભીર આરોપ લગાવ્યો હતો. અમિત શાહે તમિલનાડુના સીએમ એમકે સ્ટાલિનના નિવેદન પર વળતો જવાબ આપતા કહ્યું કે, એમકે સ્ટાલિને મને પૂછ્યું હતું કે, અમારી સરકારે ૯ વર્ષમાં તમિલનાડુને શું આપ્યું? તો સ્ટાલિનજી કાન ખોલીને સાંભળી લે, કે તમિલનાડુને માત્ર ૯૦ હજાર કરોડ રૂપિયાની મદદ કરવામાં આવી હતી અને તે પણ ત્યારે જ્યારે તમે જ કોંગ્રેસની સરકારમાં શામેલ હતા. જ્યારે મોદી સરકારના કાર્યકાળમાં તમિળનાડુને રૂપિયા ૨ લાખ ૪૭ હજાર કરોડ આપવામાં આવ્યા છે.

# દેવભૂમિ દ્વારકાના વરવાળા સ્થિત સાયકલોન સેન્ટરની મુલાકાત લેતા ગૃહ રાજયમંત્રીશ્રી હર્ષ સંઘવી



દેવભૂમિ દ્વારકા તા. ૧૩

સંભવીત બિપરજોય વાવાઝોડાની અસરને પગલે દેવભૂમિદ્વારકા જિલ્લા ખાતે ગૃહ રાજયમંત્રીશ્રી હર્ષ સંઘવીએ દ્વારકાના વરવાળા સ્થિત સાયકલોન સેન્ટરની મુલાકાત લઈ અસરગ્રસ્ત નાગરિકોને સરકાર હંમેશા તેમની સેવા તથા સલામતી માટે પ્રતિબદ્ધ છે તેવો વિશ્વાસ અપાવ્યો હતો.

સંભવિત વાવાઝોડા દરમિયાન અસરગ્રસ્તોને પ્રાથમિક સુવિધાઓ જેવી કે રહેવા તથા જમવાની સુવિધા પૂરી પાડવા અંગે સબંધિત અધિકારીને સૂચન કર્યું હતું. ઉલ્લેખનીય છે કે સંબંધિત વાવાઝોડા ધ્યાને લેતા વરવાળા સાયકલોન સેન્ટર ખાતે ૨૦૦ કરતા વધારે અસરગ્રસ્તોને આશ્રય આપવામાં આવ્યો છે.

આ તકે ધારાસભ્યશ્રી પબુભા માણેક, રેન્જ આઈજી અશોક કુમાર યાદવ, પ્રાંત અધિકારી દ્વારકાશ્રી પાર્થ તલસાણીયા, નાયબ પોલીસ અધિક્ષકશ્રી હાર્દિક પ્રજાપતિ, દ્વારકા તાલુકા વિકાસ અધિકારીશ્રી સેરઠીયા, જિલ્લા ભાજપ પ્રમુખશ્રી મયુર ગઢવી, અગ્રાણીઓ યુવરાજસિંહ વાઢેર, લુણાભા સુમણીયા સહિત અધિકારીઓ તથા કર્મચારીઓ ઊપસ્થિત રહયા હતા.

# મિશન ભાવનગર અંતર્ગત મેયરશ્રી તથા કમિશ્નરશ્રીનાં હસ્તે ગ્રીનસીટી દ્વારા વૃક્ષારોપણ




નગર પ્રાથમિક શિક્ષણ સમિતી તથા ગ્રીનસીટી દ્વારા યોજાયેલ ત્રિવિધ કાર્યક્રમમાં મેયર કિર્તિબેન, મ્યુની. કમિશ્નર ઉપાધ્યાય, ધારાસભ્ય સેજલબેન પંડયા, શહેર ભાજપ પ્રમુખ અભયસિંહ ચૌહાણ, કુલપતિ કહેશ ત્રિવેદી, યુવરાજ જયરવીરસિંહ તથા સ્વામીશ્રીઓ, સાધુ-સંતોના વરદ હસ્તે વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે કમિશ્નરશ્રીએ દેવેનભાઈના કાર્ય તથા ગ્રીનીસીટી સંસ્થાની સુંદર કામગીરીની પ્રશંસા કરી હતી અને મિશન ભાવનગરના સફળ આયોજન માટે તારકભાઈ શાહ સહિત સમગ્ર ટીમને શુભેચ્છા પાઠવી હતી.

# ગ્રાન્ટેડ સ્કૂલોમાં ખાલી ક્લાર્ક-પ્યુનની જગ્યા ભરવા મુખ્યમંત્રીને રજૂઆત કરાઈ

અમદાવાદ, તા.૧૩

રાજ્યની અનેક ગ્રાન્ટેડ સ્કૂલોમાં પ્યુન અને ક્લાર્કની જગ્યા ખાલી પડી છે, જેના લીધે આવી સ્કૂલોમાં તાકીદે ક્લાર્ક અને પટાવાળાની જગ્યા ભરવામાં આવે તે માટે સંચાલક મંડળ દ્વારા રાજ્યના મુખ્યમંત્રીને પત્ર લખીને રજૂઆત કરી છે. આ ઉપરાંત ક્લાર્કની પરીક્ષાને લઈને પણ રજૂઆત કરવામાં આવી હોવાનું જાણવા મળે છે. કલાર્ક અને પટાવાળામાં અગાઉની પદ્ધતિ મુજબ ઈન્ટરવ્યૂ કરી પસંદગી કરવા માટે પણ માંગ કરવામાં આવી છે. રાજયમાં ગ્રાન્ટેડ શાળાઓમાં બિન શૈક્ષણિક સ્ટાફની ભરતી જે તે શાળા સંચાલક મંડળ દ્વારા કરવામાં આવતી હતી. ત્યારબાદના સુધારાના પગલે બિન શૈક્ષણિક સ્ટાફની ભરતી માટે પસંદગી સમિતિની જોગવાઈ કરવામાં આવેલી છે, તે અનુસાર સપ્ટેમ્બર-૨૦૦૯ સુધી ભરતી થયેલી છે. પ્યુન-ક્લાર્ક અને શિક્ષક માટે પ્રમોશન માટે એક પ્રકારનો અભ્યાસક્રમ તથા પરીક્ષા પેટર્ન જાહેર કરવામાં આવેલી છે. જે અંગે પુર્નઃ વિચારણા થવી જોઈએ તેવી માંગણી સંચાલક મંડળ દ્વારા કરવામાં આવી છે. ધો.૪ પાસ વ્યક્તિ પટાવાળા તરીકે દાખલ થાય, ત્યારબાદ જુનિયર ક્લાર્ક બનવા માટે ધો.૧૦ પાસ તથા પાંચ વર્ષનો અનુભવ મેળવીને તે જુનિયર ક્લાર્ક બને છે. ધો.૧૦ પાસ ઉમેદવાર શાળામાં ક્લાર્ક તરીકે દાખલ થાય છે અને શાળાના વિદ્યાર્થીઓની સંખ્યાના આધારે જુનિયરમાંથી સિનિયર અને સિનિયરમાંથી હેડક્લાર્ક તથા ઓફિસ સુપ્રિટેન્ડન્ટમાં પ્રમોશન મેળવે છે. ધો.૧૦ પાસને ખાતાકીય પ્રમોશન માટે જે પરીક્ષા આપવાની હોય છે તેનો અભ્યાસક્રમ કઠિન હોવાનું સંચાલક મંડળનું માનવું છે. ઉપરાંત પરીક્ષામાં જે ૪ પ્રશ્નપત્રોની જોગવાઈ છે તે પણ વધુ પડતી છે. સંચાલક મંડળના પ્રમુખ ભાસ્કર પટેલે મુખ્યમંત્રીને પત્ર લખી માગણી કરી છે કે, ૨૦૦૯થી અત્યાર સુધી એટલે કે ૧૩ વર્ષમાં ઘણી ગ્રાન્ટેડ શાળામાંથી કલાર્ક-પટાવાળા નિવૃત્ત થયા છે અથવા તો મૃત્યુ પામ્યા છે. આ ઉપરાંત રાજીનામુ પણ આપ્યું છે. આ જગ્યાઓ ખાલી પડેલી છે. ગ્રાન્ટેડ શાળામાં કલાર્ક, ગ્રંથપાલ અને અન્ય જગ્યામાં રાજ્યમાં ચાલતી વ્યવસાયલક્ષી પ્રવાહની શાળાના ફાજલ શિક્ષકોનો સમાવેશ કરવામાં આવ્યો હતો. જે શાળાના ઓફિસ કામનો અનુભવ ધરાવતા નહોતા અને તેમાંથી પણ ૯૦ ટકા નિવૃત્ત થયા છે.

# ધોરણ-૯ અને ૧૧માં રિ-ટેસ્ટ મુદ્દે વાલીઓ-વિદ્યાર્થીઓની દોડધામ

અમદાવાદ, તા.૧૩

રાજયની સ્કૂલોમાં નવા શૈક્ષણિક વર્ષનો પ્રારંભ થઈ ચુક્યો છે ત્યારે ધોરણ-૯ અને ૧૧માં નાપાસ થયેલા વિદ્યાર્થીઓની રિ-ટેસ્ટને લઈને સ્કૂલોમાં વાલીઓ વિદ્યાર્થીઓની દોડધામ જોવા મળી રહી છે. રિ-ટેસ્ટને લઈને વિદ્યાર્થીઓ સ્કૂલોમાં રજૂઆત કરી રહ્યા હોવાનું જાણવા મળે છે. જોકે, શિક્ષણ બોર્ડમાં રિટેસ્ટ અંગેની કોઈ જોગવાઈ ન હોવાના કારણે આ વિદ્યાર્થીઓની રિ-ટેસ્ટ લેવાય તેવી શક્યતા નથી. કોરોના મહામારીના કારણે શિક્ષણ બોર્ડ દ્વારા ધોરણ-૯ અને ૧૧માં નાપાસ થયેલા વિદ્યાર્થીઓ માટે રિ-ટેસ્ટ લેવામાં આવી હતી. ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક સંલગ્ન સ્કૂલોમાં અભ્યાસ કરતા ધોરણ-૯ અને ૧૧ના વિદ્યાર્થીઓની પરીક્ષા લેવાયા બાદ પરિણામ જાહેર કરવામાં આવ્યા હતા. જેમાં નાપાસ થયેલા વિદ્યાર્થીઓ હવે સ્કૂલો સમક્ષ તેમજ જિલ્લા શિક્ષણાધિકારી કચેરી સમક્ષ રિ-ટેસ્ટને લઈને માંગણી કરી રહ્યા હોવાનું જાણવા મળે છે. આ સ્થિતી કોરોના વખતે લેવામાં આવેલી રિ-ટેસ્ટના લીધે ઉભી થઈ હોવાનું જાણવા મળે છે. કોરોના વખતે ધોરણ૯ અને ૧૧માં નાપાસ થયેલા વિદ્યાર્થીઓ માટે શિક્ષણ બોર્ડ દ્વારા રિ-ટેસ્ટ યોજવાનો નિર્ણય લીધો હતો. જેથી વાલીઓને એવી આશા છે કે ધોરણ-૯ અને ૧૧માં નાપાસ થયેલા વિદ્યાર્થીઓ માટે રિ-ટેસ્ટ યોજાશે. પરંતુ શિક્ષણ બોર્ડ આવી કોઈ જાહેરાત કરવાના મુડમાં નથી. શિક્ષણ બોર્ડના સુત્રોના જણાવ્યા અનુસાર, ધોરણ-૯ અને ૧૧માં નાપાસ થયેલા વિદ્યાર્થીઓ માટે રિ-ટેસ્ટ અંગેની કોઈ જોગવાઈ નથી. તાજેતરમાં કોરોના મહામારી વખતે શિક્ષણ બોર્ડ દ્વારા રિ-ટેસ્ટ યોજવા માટે સુચના આપી હતી. પરંતુ આ વખતે આવી કોઈ વિચારણા ન હોવાનું જણાવ્યું હતું. જેથી ધોરણ-૯ અને ૧૧માં નાપાસ થયેલા વિદ્યાર્થીઓને ફરી એ જ ધોરણમાં અભ્યાસ કરવો પડશે. શિક્ષણ બોર્ડ દ્વારા ધોરણ૧૦ અને ૧૨ સાયન્સમાં એક વિષય અથવા બે વિષયમાં નાપાસ થયેલા વિદ્યાર્થીઓની જુલાઈ માસમાં પુરક પરીક્ષા લેવામાં આવે છે. આ જ રીતે ધોરણ-૧૨ સામાન્ય પ્રવાહમાં પણ એક વિષયમાં નાપાસ થયેલા વિદ્યાર્થીઓની પુરક પરીક્ષા લેવામાં આવે છે. આમ, ધોરણ-૧૦ અને ૧૨માં નાપાસ વિદ્યાર્થીઓની પરીક્ષા લેવાય છે, તો પછી ધોરણ-૯ અને ૧૧માં પણ નાપાસ થયેલા વિદ્યાર્થીઓની પરીક્ષા લઈ તેમને પણ વર્ષ બચાવવાની તક આપવી જોઈએ.

### રાજ્યના ૨૧ સિટી સિવિક સેન્ટરનું પાલનપુર ખાતે મુખ્યમંત્રીના હસ્તે લોકાર્પણ

# સમાજના નાના માનવી, નગરો-ગામોમાં લોકોને ઈઝ ઓફ લિવિંગ આપવા સંકલ્પ

## સિટિઝન સેન્ટ્રીક સર્વિસ નાના નગરોને પણ મળે તે માટે સિટી સિવિક સેન્ટર ઊભા કરાયા



ગાંધીનગર, તા.૧૩

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના હસ્તે પાલનપુર ખાતેથી રાજયની ૨૧ નગરપાલિકાઓમાં રૂા.૨૨.૬૫ કરોડના ખર્ચે નિર્માણ પામેલ સિટી સિવિક સેન્ટરર્સ (જન સુવિધા કેન્દ્ર)નું લોકાર્પણ કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે જણાવ્યું કે, આપણા વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ સમાજના નાનામાં નાના માનવી, નગરો- ગામોમાં વસતા લોકોને ઈઝ ઓફ લિવિંગ આપવા કરેલા સંકલ્પને સાકાર કર્યો છે. ગરીબ અને વંચિત લોકોના ઘર આંગણા સુધી યોજનાઓ પહોંચાડી છે. વિકાસનો મજબૂત પાયો નાખ્યો છે તેમાં પણ નાના માનવી, ગરીબ વર્ગોની સતત ખેવના કરી છે. તેમણે કહ્યું કે, આજના ફાસ્ટ યુગમાં ગામ, નગર કે મહાનગર દરેક વ્યક્તિને પોતાને મળતી સેવાઓ-સુવિધાઓ ઝડપી, પારદર્શી અને સરળતાએ મળે તેવી ઈચ્છા હોય છે. લોકોમાં હવે વિકાસની ભૂખ ઉઘડી છે. સમયથી બે ડગલાં આગળ ચાલીને આગવા વિઝન સાથે ટેક્નોલોજીનો મહત્તમ ઉપયોગ કરી ‘ડિલીવરી એટ ડોરસ્ટેપ’નો અભિગમ અપનાવ્યો છે. મહાનગરોમાં મ્યુનિસિપાલિટીને નગર સેવા સદન બનાવી લોકોને ઝડપી સેવાઓ આપવા ઓનલાઈન સેવાઓ આપવા ODPS, ટેક્ષ પેમેન્ટ, પ્રમાણપત્રો કઢાવવા જેવી સેવાઓ અંડર વન રૂફ એવા સિટી સિવિક સેન્ટર્સ દ્વારા અપાય છે. તેની જેમ જિલ્લા- તાલુકા મથકોએ કલેકટર કચેરી, મામલતદાર કચેરીમાં જનસુવિધા કેન્દ્રો તરીકે વિસ્તારી છે. સિટી-સિવિક સેન્ટર- મહાનગરો જેવી સિટિઝન સેન્ટ્રીક સુવિધા નગરોમાં નગરજનો માટે વન સ્ટોપ-શોપ-૪૦થી વધુ સેવાઓ એક જ સાથે વિકાસવી છે. મોટા શહેરો જેવી આવી અદ્યતન સુવિધા અને સિટિઝન સેન્ટ્રીક સર્વિસીસ નાના નગરોને પણ મળે તેવા જનહિત ભાવથી પાલિકાઓમાં સિટી સિવીક સેન્ટર-નાગરિક સુવિધા કેન્દ્રો ઊભા કરાયા છે. મુખ્યમંત્રીએ જણાવ્યું કે, આ સરકારે જનતા જનાર્દનની સેવાને સાધના બનાવી લોકોને કેવી રીતે ગુણવત્તાયુક્ત સેવા આપી શકાય તેનો દાખલો બેસાડ્યો છે. તેમણે ઉમેર્યું કે, યાત્રાધામોમાં ઈન્ફરમેશન ટેકનોલોજીનો ઉપયોગ કરી નવતર અભિગમ એટલે ચેટબોટઅંબાજીની શરૂઆત કરવામાં આવી છે. જેનાથી દરેકને ઘરે બેઠા અંબાજી દર્શનનો લાભ મળશે. પાલનપુર શહેર માટે મહત્ત્વની જાહેરાત કરતા મુખ્યમંત્રીએ જણાવ્યું કે, પાલનપુર નગરના પ્રવેશદ્વાર અને અમદાવાદ, આબુ રોડ, ડીસાને જોડતા નેશનલ હાઈવે ઉપરના એરોમા સર્કલ ઉપર થતી ટ્રાફિક જામની સમસ્યા દૂર કરવાનું નક્કર આયોજન કર્યું છે. એરોમા સર્કલની ટ્રાફિક સમસ્યા નિવારવા માટે સાડા ૬ કરોડ રૂપિયા સરકારે મંજૂર કર્યા છે. આ એરોમા સર્કલને દૂર કરીને સ્મૂધ ડાયવર્ઝન, ડેડિકેટેડ લેન, સર્વિસ રોડ, ટ્રાફિક સિગ્નલની કામગીરી ટૂંક જ સમયમાં હાથ ધરાશે. જેનાથી પાલનપુર શહેરને ટ્રાફિકની સમસ્યામાંથી મુક્તિ મળશે. વડાપ્રધાન નરેન્દ્રભાઈના નેતૃત્વ અને દિશાદર્શનમાં આપણે આઝાદીનો અમૃત મહોત્સવ મનાવી અમૃતકાળમાં પ્રવેશ્યા છીએ ત્યારે આ અમૃતકાળ દેશના સૌ નાગરિકો માટે ઈઝ ઓફ લિવિંગ વધારનારો, આત્મનિર્ભરતાનો અને નાનામાં નાના માનવી સહિત સૌના સાથ, સૌના વિકાસ, સૌના વિશ્વાસ અને સૌના પ્રયાસથી વિકસિત ઉન્નત ભારતનો અમૃતકાળ બનાવવાનો છે એમ તેમણે જણાવ્યું હતું.

# ૨૦૨૪ની લોકસભા ચૂંટણીને ધ્યાનમાં રાખીને ભાજપ નવા ગઠબંધન ઉપર વિચાર કરી રહ્યું છે

નવી દિલ્હી તા.૧૩

નરેન્દ્ર મોદીની આગેવાની હેઠળની સરકારના નવ વર્ષની ઉજવણી થઈ રહી છે અને હવે પાંચ રાજયોમાં આગામી વિધાનસભાની ચૂંટણીઓ અને ૨૦૨૪માં આગામી સામાન્યં ચૂંટણી બંનેને ધ્યાનમાં રાખીને, ભાજપ વિવિધ રાજ્યોમાં તેની ચૂંટણીની વ્યૂહરચના ગોઠવી રહી છે. ગૃહપ્રધાન અમિત શાહે તેલગુદેશમ પાર્ટી (ટીડીપી)ના વડા એન. ચંદ્રબાબુ નાયડુ સાથે મુલાકાત કરી છે. સૂત્રોના જણાવ્યા અનુસાર, નાયડુ આંધ્ર પ્રદેશમાં ભાજપ સાથે ગઠબંધન કરવા આતુર છે. તેમને લાગે છે કે મોદીની લોકપ્રિયતા અને બીજેપીના અન્ય સાથી પવન કલ્યાણની આગેવાની હેઠળની જનસેના પાર્ટી ટીડીપીને સત્તામાં લાવવામાં મદદ કરી શકે છે. કલ્યાણ છેલ્લા કેટલાક સમયથી ત્રણ પક્ષીય જોડાણ માટે દબાણ કરી રહ્યા છે. કેન્દ્રની ભાજપ સરકાર અને આંધ્રપ્રદેશમાં વાય.એસ. જગનની આગેવાની હેઠળની વાયએસઆરસીપી સરકાર આ બધામાં એક મહત્વપૂર્ણ વિચારણા છે; આથી, ભાજપ આંધ્રપ્રદેશમાં ટીડીપી સાથે ગઠબંધન કરવા માટે ઓછા ઉત્સુક છે. વાયએસઆરસીપી ભાજપ સરકાર માટે ભૂતકાળમાં સંસદમાં ફ્લોર કો-ઓર્ડિનેશનમાં ભરોસાપાત્ર ભાગીદાર રહી છે. બીજેપી માટે, અન્ય તેલુગુ-ભાષી રાજ્ય તેલંગાણામાં કટોકટી વધુ તીવ્ર છે, પાર્ટીમાં અંદરોઅંદર જૂથવાદ છે. એટેલા રાજેન્દ્ર જેવા નવા આવનારાઓ રાજ્ય એકમના પ્રમુખ બંદી સંજયકુમારનો વિરોધ કરી રહ્યા છે પરંતુ પાર્ટી હાઈકમાન્ડ જાણે છે કે ભાજપ પાસે રાજ્ય વિધાનસભાની તમામ ૧૧૯ બેઠકો ઉપર મેદાનમાં ઉતરવા માટે પૂરતા ઉમેદવારો નથી. એવી પણ ચર્ચા છે કે જનતા દળ (સેક્યુલર)ને કર્ણાટકમાં હારનો સામનો કર્યા પછી તે ગઠબંધન માટે ભાજપનો સંપર્ક કરી શકે છે, કારણ કે તેને કર્ણાટક કોંગ્રેસને અટકાવવા માટે રક્ષણની જરૂર છે. JD(S) માટે, આ લાંબા ગાળાની વ્યૂહરચનાને બદલે અસ્તિત્વ ટકાવી રાખવાની ટૂંકા ગાળાની રણનીતિ છે. જ્યારે ભાજપ-જેડી(એસ) ગઠબંધન લોકસભા ચૂંટણીમાં કોંગ્રેસ માટે લઘુમતી મતોના એકત્રીકરણ તરફ દોરી જશે, ત્યારે ભાજપ વોક્કાલિગા વોટ મેળવી શકે છે. સૂત્રોએ જણાવ્યું હતું કે જેડી(એસ) ચાર લોકસભા બેઠકો હસન, મંડ્યા, બેંગ્લોર (ગ્રામીણ) અને ચિક્કા બલ્લારપુર એ પાર્ટી માટે અલગ રાખવાનું કહી રહી છે, જ્યારે ભાજપ હજુ પણ સમગ્ર પગલાં ઉપર વિચાર કરી રહી છે. બિહારમાં પણ, બીજેપી અમુક નેતાઓના પક્ષપલટાની રાહ જોઈ રહી છે. ભાજપના નેતાઓ કહે છે કે બિહારના મુખ્યપ્રધાન નીતિશકુમાર પોતાની રાષ્ટ્રીય ભૂમિકા માટે તેમના નાયબ, તેજસ્વી યાદવને બિહારમાં મુખ્યમંત્રીની ખુરશી આપશે અને આવા સંજોગોમાં, અમારે JD(U)માં જોડાવાના અમારા વિકલ્પો અને દરવાજા ખુલ્લા રાખવા જોઈએ. ભાજપની ચૂંટણીની વ્યૂહરચનાનું પુર્નઃ મૂલ્યાંકન એ માત્ર કર્ણાટકમાં તેની હારને કારણે નથી. ગયા વર્ષે, પાર્ટીએ તેની સંવેદનશીલ બેઠકોની સૂચિ ૧૧૩થી વધારીને ૧૪૪ કરી હતી, કારણ કે મહારાષ્ટ્ર અને બિહારમાં બીજેપી ગઠબંધનનો અંત આવ્યો હતો. ૨૦૨૪માં સ્થિતિ ૨૦૧૯ જેવી નહીં હોય, કારણ કે અકાલી દળ, શિવસેના (UBT) અને JD(U) જેવા ભાજપના કેટલાક સાથીઓએ વિદાય લીધી છે. ૨૦૨૪માં કોને ફરીથી ગઠબંધનમાં લાવી શકાય છે તેના પર પુર્નઃ વિચાર કરતાં ભાજપ વિપક્ષના ઉમેદવારોનો સામનો કરવા માટે એક ઉમેદવાર ઉભા રાખવાનું આયોજન કરી રહ્યું છે.

# દાલ સરોવરની સફાઈ : દિલ્હી સ્થિત કંપની વેસ્ટ મેનેજમેન્ટનો સામનો કરશે અને ૯૦,૦૦૦ ટન જેટલા કચરાનો નિકાલ કરશે



શ્રીનગર, તા.૧૩

શ્રીનગરના વિશ્વ પ્રસિદ્ધ દાલ સરોવરને પ્રદૂષણ મુક્ત અને સ્વચ્છ બનાવવાના પ્રયાસરૂપે, દિલ્હી સ્થિત એનર્જી સોલ્યુશન્સ કંપની કલીન ઈફેનટેક ઈન્ટરનેશનલ પ્રાઈવેટ લિમિટેડ (CEF) ગ્રુપ NAFED સાથે મળીને કચરાના વ્યવસ્થાપનનો સામનો કરશે. તે નીંદણ અને કમળ જેવા કચરાને જૈવિક ખાતર અને સંલગ્ન ઉત્પાદનોમાં રૂપાંતરિત કરશે, જે બદલામાં ખેડૂતોને નજીવા દરે વેચવામાં આવશે. CEF ગ્રુપના સ્થાપક અને CEO મનિન્દરસિંહ નય્યરે TNIEને જણાવ્યું કે, કંપનીએ દાલ સરોવરમાં ઘન કચરાના વ્યવસ્થાપનને સુવ્યવસ્થિત કરવા માટે શ્રીનગરના ગુપ્ત ગંગા વિસ્તારમાં વેસ્ટ પ્રોસેસિંગ યુનિટની સ્થાપના કરી છે. વેસ્ટ પ્રોસેસિંગ યુનિટ અત્યાધુનિક ટેક્નોલોજી સાથે દાલ સરોવરમાંથી કાઢવામાં આવેલ નીંદણ અને કમળ ઉપર પ્રક્રિયા કરશે અને તેને ઉપયોગી ઓર્ગેનિક ખાતર અને સંલગ્ન ઉત્પાદનોમાં રૂપાંતરિત કરશે. પ્લાન્ટ કાર્યરત થયા બાદ વેસ્ટ પ્રોસેસિંગ પ્લાન્ટમાં રૂપાંતર પ્રક્રિયા ઓગસ્ટમાં શરૂ થશે. નય્યરે કહ્યું કે, આનાથી માત્ર દાલ સરોવરના કચરાનું સંચાલન જ નહીં થાય અથવા તેને ઉપયોગી ઉત્પાદનોમાં રૂપાંતરિત કરવામાં નહીં આવે પરંતુ દાલ સરોવરની સુંદરતામાં પણ મદદ મળશે. અત્યાર સુધી, દાલમાંથી કાઢવામાં આવેલો ઓર્ગેનિક કચરો સરોવરની સીમાઓને ઘેરી લેવા માટે ઉપયોગમાં લેવાતો હતો જેથી તે પ્રવાસીઓને ગમે નહીં તેવો હતો. જમ્મુ અને કાશ્મીર લેક કન્ઝર્વેશન એન્ડ મેનેજમેન્ટ ઓથોરિટી (LCMA)ના ડેટા અનુસાર દાલ સરોવર વાર્ષિક આશરે ૭૦,૦૦૦ ટન તળાવ કચરો ઉત્પન્ન કરે છે. નય્યરે જણાવ્યું હતું કે, એક અગ્રણી સ્વચ્છ ઊર્જા પ્રદાતા તરીકે, CEF ગ્રુપ માત્ર આ સમસ્યાના મૂળ કારણને જ સમજાતું નથી પરંતુ તેના ઉકેલ તરીકે વેસ્ટ મેનેજમેન્ટ પ્લાન્ટ પણ સ્થાપ્યું છે. આ વર્ષે ઓગસ્ટથી અમે દાલ સરોવરમાંથી આ (૭૦ હજાર ટન) કચરાનો ઉપયોગ કરી શકીશું અને તેને ૨૪,૦૦૦ ટન જૈવિક ખાતર અને સંલગ્ન ઉત્પાદનોમાં રૂપાંતરિત કરી શકીશું. શ્રીનગરમાં CEF ગ્રુપ દ્વારા સ્થપાયેલ પ્રોસેસિંગ યુનિટમાં દરરોજ ૩૦૦ ટન કચરાનું વ્યવસ્થાપન કરવાની ક્ષમતા છે, આમ વાર્ષિક અંદાજે ૯૦,૦૦૦ ટન કચરાને સંચાલિત કરવામાં આવે છે. CEF ગ્રુપના સ્થાપક અને CEOએ જણાવ્યું હતું કે, આ પ્રોસેસિંગ પ્લાન્ટ એ અમારૂ સ્ટેપિંગ સ્ટોન છે અને જેમ-જેમ ટેક્નોલોજીનો વિકાસ થશે તેમ-તેમ અમે વિકસિત થઈશું. તે અત્યંત મહત્ત્વનું છે કે, શ્રીનગર દર વર્ષે ૭૦,૦૦૦ ટન કચરામાંથી છૂટકારો મેળવશે અને તે એક શાનદાર શરૂઆત છે. પ્રોજેક્ટમાં NAFEDની ભૂમિકા વિશે તેમણે કહ્યું કે, કચરાના પ્રોસેસિંગના સમગ્ર પ્રોજેક્ટને NAFED દ્વારા તેના પસંદગીના નાણાંકીય અને તક્નિકી ભાગીદારો સાથે સુવિધા આપવામાં આવી છે. તેઓ જૈવિક ખાતરો પણ પ્રદાન કરશે જેનો ઉપયોગ અમારા શ્રીનગર પ્લાન્ટમાં ઉત્પાદિત ખાતરમાં થશે. NAFED આ બાયો-ફર્ટિલાઈઝરનું ઈન્દોરમાં પોતાના એકમમાં ઉત્પાદન કરશે જે NAFED બાયો-ફર્ટિલાઈઝર તરીકે ઓળખાય છે અને ત્યાંથી અમે તેને અમારા પ્લાન્ટમાં સોર્સ કરીશું. ખેડૂતો અને J&K સરકારને સેન્દ્રીય ખાતર મફતમાં ઉપલબ્ધ કરાવવામાં આવશે કે કેમ તે અંગે પૂછવામાં આવતા, નય્યરે જણાવ્યું હતું કે, ખેડૂતો બજારમાંથી તેમની હાલની ખરીદીની તુલનામાં ખૂબ જ નજીવી કિંમતે આ ઉત્પાદનોનો લાભ લઈ શકે છે. અમે તેને J&K સરકારને ખૂબ જ ઓછા દરે પણ પ્રદાન કરીશું. અમારો પ્રાથમિક ઉદ્દેશ્ય ખેડૂતોને ખર્ચ અસરકારક રીતે સેન્દ્રીય ખાતર ઉપલબ્ધ કરાવવાનો છે. તેમણે કહ્યું કે, આ પ્રોજેક્ટ દાલ સરોવરની સફાઈને નોંધપાત્ર રીતે પ્રોત્સાહન આપશે કારણ કે, તે માત્ર સરોવરમાંથી જૈવિક કચરાને નાબૂદ કરશે પરંતુ તમામ કાર્બનિક કચરાની વૈજ્ઞાનિક સારવારમાં પણ મદદ કરશે અને ઉપયોગી ઉત્પાદન બનાવશે.

# શું રાહુલ ગાંધીના સંસદીય ક્ષેત્ર વાયનાડમાં પેટાચૂંટણી માટે તૈયારી થઈ રહી છે ?



નવી દિલ્હી તા.૧૩

કેરળમાં વાયનાડ લોકસભા મતવિસ્તારના કોંગ્રેસના સાંસદ રાહુલ ગાંધીને તેમની ૨૦૧૯ની ચૂંટણીમાં ‘મોદી અટક ટિપ્પણી’ માટે ફોજદારી માનહાનિના કેસમાં બે વર્ષની જેલની સજા ફટકાર્યા બાદ લોકસભામાંથી અયોગ્ય ઠેરવવામાં આવ્યા બાદ આ બેઠક ખાલી જાહેર કરવામાં આવી હતી. વાયનાડ સંસદીય મતવિસ્તાર વાયનાડ, કોઝિકોડ અને મલપ્પુરમ જિલ્લાઓમાં આવે છે અને તેમાં મનંથાવડી, સુલ્તાનબેથેરી, કાલપેટ્ટા, તિરુવંબાડી, એરનાડ, નિલામ્બુર અને વાંદૂર વિધાનસભા મતવિસ્તારનો સમાવેશ થાય છે. તિરૂવંબાડી વિધાનસભા ક્ષેત્રનાર ૧૭૦બૂથ માટે એક મોક પોલ યોજવામાં આવ્યો હતો અને ૨૭૦ મશીનોની તૈયારી માટે તપાસ કરવામાં આવી હતી. કલેક્ટર કચેરી દ્વારા તેનું નિરીક્ષણ કરવામાં આવ્યું હતું. જિલ્લા સત્તાવાળાઓએ આ મોક પોલ માટે ૧૦ રાજકીય પક્ષોને પત્રો મોકલ્યા હતા અને જ્યારે ઈલેક્ટ્રોનિક વોટિંગ મશીનો અને VVPAT ની તપાસ કરવામાં આવી રહી હતી ત્યારે દરેક પક્ષના પ્રતિનિધિ હાજર હતા. એવું જાણવા મળ્યું છે કે શનિવારે વાયનાડમાં અન્ય વિધાનસભા મતવિસ્તારો માટે મોક પોલ યોજાશે. વધુમાં, જ્યારે રાહુલ વાયનાડ મતવિસ્તારનું પ્રતિનિધિત્વ કરતા લોકસભાના સભ્ય હતા ત્યારે કેરળ સરકારે ગાંધીને ફાળવેલ અંગત સ્ટાફ પણ પાછો ખેંચી લીધો છે. સંયુક્ત સચિવ, જનરલ એડમિનિસ્ટ્રેશન દ્વારા જારી કરાયેલા આદેશમાં કહેવામાં આવ્યું છે કે ગાંધીના અંગત સહાયક અને ડ્રાઈવર તરીકે ફરજ બજાવતા કર્મચારીઓને તેમની ફરજોમાંથી મુક્ત કરવામાં આવ્યા છે. રતેશ કુમાર કે આર, અંગત મદદનીશ અને ડ્રાઈવર મુહમ્મદ રફીને ગૃહ વિભાગ દ્વારા જારી કરાયેલ તેમના ઓળખ પત્રો પરત કરવા કહેવામાં આવ્યું છે. રતેશ કુમારને ફરીથી સર્વેક્ષણના અધિક્ષક, સુલતાન બાથેરીની ઓફિસમાં તેમના મૂળ વિભાગમાં ફરીથી જોડાવા માટે આદેશ આપવામાં આવ્યો છે. કોઝિકોડના સાંસદ એમ કે રાઘવન માને છે કે ગુજરાત હાઈકોર્ટમાં અપીલની સુનાવણી ચાલી રહી હોવાથી પેટાચૂંટણી કદાચ નહીં થાય. કેરળ હાઈકોર્ટે એનસીપીના લક્ષદ્વીપના સાંસદ મોહમ્મદ ફૈઝલ પી.પી. સામેની સજાને સ્થગિત કરવાના કેસમાં પેટાચૂંટણી કરાવવાની જરૂરિયાત અંગે ચૂંટણી પંચને પ્રશ્ન કર્યો હતો. તેણે નિર્દેશ કર્યો હતો કે લોકસભાની ચૂંટણી ૨૦૨૪માં યોજાશે. આ કિસ્સામાં, આદર્શ આચારસંહિતા લાગુ થવામાં નવ મહિના જ બાકી છે, રાઘવને નેશનલ હેરાલ્ડને જણાવ્યું કે, સત્તાધારી ભારતીય જનતા પાર્ટી દ્વારા રાજકીય દબાણ કરવામાં આવી રહ્યું છે. આ કેસમાં રાહુલ ગાંધીની અપીલ ઉપર વિચારણા ચાલી રહી છે ત્યારે પેટાચૂંટણીની તૈયારીઓ ચાલી રહી છે. ગાંધીએ ગુજરાત હાઈકોર્ટમાં ગુનાહિત માનહાનિના કેસમાં તેમની સજા ઉપર રોક લગાવવાની માંગ કરી હતી. અગાઉ, સુરત સેશન્સ કોર્ટે કોંગ્રેસના નેતા વિરૂધ્ધ ભાજપના ધારાસભ્ય પૂર્ણેશ મોદી દ્વારા દાખધ્ કરવામાં આવેલા ફોજદારી માનહાનિના કેસમાં તેમની દોષિત ઠરાવવાની માંગ કરતી ગાંધીની અરજીને ફગાવી દીધી હતી. રાહુલ ગાંધીએ ૨૦૧૯ની લોકસભા ચૂંટણીમાં વાયનાડ લોકસભા સીટ ઉપર સીપીઆઈના પ્રતિસ્પર્ધી પીપી સુનીરને ૪.૩૧ લાખથી વધુ મતોના માર્જિનથી હરાવીને જીત મેળવી હતી. તાજેતરમાં એક પ્રેસ કોન્ફરન્સમાં ચૂંટણી પંચે કહ્યું હતું કે તેઓ માત્ર છ મહિનામાં જ મતવિસ્તારમાં ચૂંટણી કરાવવા માટે બંધાયેલા છે. ત્યારે મુખ્ય ચૂંટણી કમિશનર રાજીવ કુમારે કહ્યું હતું કે, ચૂંટણી કરવા માટે અમારી પાસે છ મહિનાનો સમય છે, અને વિભાગની બીજી જોગવાઈ એ પણ કહે છે કે જો ખાલી જગ્યાનો બાકીનો સમયગાળો એક વર્ષથી ઓછો હોય તો ચૂંટણી થશે નહીં. આ કિસ્સામાં સમયગાળો એક વર્ષથી વધુ છે. તાજેતરના ભૂતકાળમાં, સુપ્રીમ કોર્ટે ગેરલાયક સાંસદની અપીલની સુનાવણી માટે રાહ જોવાનો આદેશ આપ્યા પછી ચૂંટણી પંચે બે વખત પેટાચૂંટણીની સૂચના રદ કરવી પડી હતી. કેરળ હાઈકોર્ટે એનસીપીના લક્ષદ્વીપના સાંસદ મોહમ્મદ ફૈઝલ પી.પી. સામેની સજાને સ્થગિત કર્યા બાદ ચૂંટણીની સૂચના રદ કરવી પડી હતી. અને સમાજવાદી પાર્ટીના ધારાસભ્ય આઝમ ખાનના કિસ્સામાં પણ આવું જ બન્યું

# ગુજરાતના રાજ્યપાલ તા.૧૭ જૂને અગરવાલ બિઝનેસ કોનકલેવનું ઉદ્‌ઘાટન કરશે

## શ્રી અગરવાલ વિકાસ મહાસભા (SAVM), ગુજરાતદ્વારા આયોજીત કોનક્લેવમાં બિઝનેસ લીડર્સ, ઈનવેસ્ટર્સ, પ્રોફેશનલ્સ, પોલિસીમેકર્સ અને અન્ય સહયોગીઓ ઉપસ્થિત રહેશે

(પ્રતિનિધિ દ્વારા)

અમદાવાદ, તા.૧૩

અગરવાલ સમુદાયનુ સશક્તિકરણ કરવા માટે સમર્પિત સંગઠન અગરવાલ વિકાસ મહાસભા(SAVM), ગુજરાતતા.૧૭ અને ૧૮ જૂનના રોજ નારાયણી હાઈટસ, ગાંધીનગર ખાતે અગરવાલ બિઝસેન કોનકલેવ (ABC ૨૦૨૩)નો ઉદ્‌ઘાટન સમારંભ યોજી રહી છે. આ કોનક્લેવમાં બિઝનેસ લીડર્સ, ઈનવેસ્ટર્સ, પ્રોફેશનલ્સ, પોલિસીમેકર્સ અને અન્ય સહયોગીઓ ઉપસ્થિત રહેશે અને આંત્રપ્રિન્યોરશિપને પ્રોત્સાહન આપશે, ઈનોવેશન અને કોલાબરેશનને વેગ આપશે અને સમૂદાય અને રાષ્ટ્રના આર્થિક વિકાસને સબળ બનાવશે. આ કોનકલેવનુ ઉદ્‌ઘાટન ગુજરાતના માનનીય ગવર્નર આચાર્ય દેવવ્રત કરશે.

અગરવાલ બિઝસેન કોનક્લેવ (ABC ૨૦૨૩)નું આયોજન શ્રી અગરવાલવિકાસ મહાસભા (SAVM)ની યુવા અને મહિલા ગ્રુપ દ્વારા કરવામાં આવ્યું છે. એબીસી, એક એવુ પ્લેટફોર્મ છે કે જે મજબૂત બિઝનેસ પ્રણાલી દાખવવા માટે મહત્વના સહયોગીઓ વચ્ચે સંવાદ, અભ્યાસ અને કોલાબરેશન વડે તંદુરસ્ત બિઝનેસ વ્યવસ્થાનુ નિર્માણ અને માવજત કરે છે. આ સંસ્થા એક શિક્ષિત, સમૃધ્ધ અને તંદુરસ્ત સમાજનુ શિક્ષણ જાગૃતી અને નેટવર્કિંગ મારફતે નિર્માણ કરવાનુ ધ્યેય ધરાવે છે. આ સમારંભમાં સમગ્ર ગુજરાત અને દેશમાંથી મોટી સંખ્યામાં લોકો સામેલ થશે. આ કોક્નલેવમાં સામેલ થનારા લોકોના અનુભવમાં વૃધ્ધિ થશે તેમ અગરવાલ બિઝસેન કોનકલેવ (ABC)ના મુખ્ય આયોજક ગૌરવ અગરવાલ જણાવે છે.

આ કોન્કલેવમાં વિવિધ રોમાંચક પ્રવૃત્તિઓ હાથ ધરાશે તેમાં ઉદ્યોગના નિષ્ણાંતોનાં પ્રેરણાદાયક પ્રવચનો, આકર્ષક પેનલ ચર્ચાઓ ઉપરાંત ઈનોવેટિવ પ્રોડકટ અને સર્વિસિઝનું પ્રદર્શન યોજવામાં આવશે. આ સમારંભમાં નિષ્ણાંતો જે વિષયો અંગે પ્રવચનો આપવાના છે તેમાંને વિગેટિન્ગ ધ ચેનજિન્ગ ડાયનામિક્સ ઓફ બિઝનેસ, ઈમ્પેક્ટ ઓફ ઈન્ટેલેકચ્યુઅલ પ્રોપર્ટી રાઈટ્સ, સેફગાર્ડ બિઝનેસ અગેન્સ્ટ ન્યુ એજ ફ્રોડસ, ઈમ્પોર્ટન્સ ઓફ બ્રાન્ડિંગ, યુટીલાઈઝિંગ ડિજિટલ માર્કેટિંગ એન્ડ એઆઈ ટુ ગ્રો યોર બિઝનેસ (Navigating the Changing Dynamics of Business, Impact of Intellectual Property Rights, Safeguard business against new-age frauds, Importance of Branding, Utilizing Digital Markªing & AI to grow your business) જેવા વિષયોનો સમાવેશ થશે. આ સમારંભમાં જે નિષ્ણાતોનાં પ્રવચનો યોજાનાર છે તેમાં લાઈફ કોચ અને મોટીવેશન સ્પીકર સંજયરાવલ, સીએ ઉત્તમ પ્રકાશ અગરવાલ, આઈસીએઆઈના ભૂતપૂર્વ પ્રેસીડેન્ટ અને યુપીએસીએના સ્થાપક સીએ સ્નેહલ દેસાઈ, ડીડીબી મુદ્રા ગ્રુપના એસોસિએટ વાઈસ પ્રેસીડેન્ટ, મહાવીર સિંઘલ અને આફટર ફર્સ્ટ મિડિયાના સીઈઓ અમિત ખેતાન જેવાં જાણીતા મહાનુભવો અને અન્યનો સમાવેશ થાય છે. કર્ણાવતી મેડીકલ એન્ડ એજ્યુકેશનલ ટ્રસ્ટના મેનેજીંગ ટ્રસ્ટી રિતેશ હાડા, ભૂપેશ સિંઘલ, ચીફ જીએમ ઓફ નાબાર્ડ, આનંદ નિકેતન ગ્રુપ ઓફ સ્કૂલના ચેરમેન કમલ મંગલ અને ઈન્ફીનાઈટ સિવિલ સોલ્યુશન્સના ડિરેકટર પંકજ ગોયલ સમારંભમાં સામેલ થઈ રહેલા વ્યક્તિઓ સાથે પોતાના અનુભવની વાતો વ્યક્ત કરશે.

# સોમનાથ મરીન પોલીસ દ્વારા વરસાદ અને વાવાઝોડાના કારણે હિરાકોટ બંદર જવાનો બંધ થયેલ રસ્તો ખુલ્લો કરાયો





(મીનાક્ષી ભાસ્કર વૈદ્ય દ્વારા)

પ્રભાસ પાટણ, તા.૧૩

સોમનાથ મરીન પોલીસ દ્વારા વરસાદ અને વાવાઝોડાના કારણે હિરાકોટ બંદર જવાનો બંધ થયેલ રસ્તો ખુલ્લો કરાવી વાહન વ્યવહાર પૂનઃ સ્થાપિત કરવામાં આવ્યો છે. જૂનાગઢ રેન્જ આઈ.જી.પી. મયંકસિંહ ચાવડા તથા મનોહરસિંહ જાડેજા (પોલીસ અધિક્ષક, ગીર સોમનાથ) દ્વારા "બિપોરજોય" વાવાઝોડા અન્વયે નાગરિકોના જાન માલની સુરક્ષા માટે તકેદારીના તમામ પગલાં લઈ પોલીસને નાગરિકોની સેવામાં સતત સક્રિય રહી કામગીરી કરવા સુચના આપેલ છે જેની અસરકારક અમલવારી માટે વી.આર. ખેંગાર વિભાગીય પોલીસ અધિકારી, વેરાવળના માર્ગદર્શન મુજબ દરીયા કિનારાના અગત્યના સ્થળોએ સતત પોલીસ બંદોબસ્ત ગોઠવવામાં આવેલ છે અને પોલીસ તથા એસ.આર.ડી.ના જવાનો સતત ખડેપગે પોતાની ફરજ બજાવી રહેલછે, પોલીસ વાહનોનું પેટ્રોલીંગ હાથ ધરાયું છે. ગઈકાલ તા.૧૨/૬/ ૨૦૨૩ના રોજ એચ.આર. ગોસ્વામી, પી.આઈ., સોમનાથ મરીન પોલીસ સ્ટેશન તથા હેડ કોન્સ્ટેબલ વિનુભાઈ દુર્લભભાઈ ડોડીયા, મોહનભાઈ, પોલીસ કોન્સ્ટેબલ ભાવેશભાઈ પરમાર, ભરતભાઈ નકુમ વિગેરે પોલીસ સ્ટાફ તથા એસ.આર.ડી. જવાનો નરેશભાઈ અરજણભાઈ તથા નરેશભાઈ ભીખાભાઈની ટીમ લાટી, કદવાર, હિરાકોટ વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતાં દરમ્યાન કદવાર અને હિરાકોટ વચ્ચેનો રસ્તો વાવાઝોડા અને વરસાદના લીધે મોટાં મોટાં બાવળો નમી જવાથી રસ્તો બંધ થઈ જતા તમામ પ્રકારનો વાહન વ્યવહાર બંધ થઈ ગયેલ. જેથી પેટ્રોલીંગમાં રહેલ પોલીસ ટીમે તાત્કાલિક નજીકમાંથી જે.સી.બી.ની મદદ મેળવી ભારે જહેમત બાદ ચાલું વરસાદ અને વાવાઝોડા વચ્ચે રસ્તો ખુલ્લો કરાવી વાહન વ્યવહાર રાબેતા મુજબ ફરી સ્થાપિત કરાવેલ હતો. રસ્તો રાબેતા મુજબ ફરી ખુલ્લો થઈ જતાં ગામજનોએ રાહતનો દમ લીધેલ અને પોલીસ વિભાગનો આભાર વ્યકત કરેલ હતો. આવી કોઈ પણ વિકટ પરિસ્થિતિમાં નાગરિકોએ ગમે તે સમયે વિનાસંકોચ પોલીસની મદદ માંગવા પોલીસ દ્વારા સુચિત કરવામાં આવેલ અને કોઈ પણ સમયે મદદ પુરી પાડવા ખાતરી આપેલ હતી. ગીર સોમનાથ જીલ્લા પોલીસ કોઈપણ પરિસ્થિતિમાં નાગરિકોની સેવામાં સતત સક્રિય છે.

# કંડલા બંદર ઉપર વાવાઝોડાને પગલે કાર્ગો હેન્ડલિંગ બંધ

## અબડાસાના ૧૯-૧૯ ગામોને એલર્ટ કરાયા,SDRFની બે ટીમ સ્ટેન્ડબાય

કંડલા,તા.૧૩

ગુજરાતમાં બિપોરજોય વાવાઝોડાના સંકટને લઈને તંત્ર એલર્ટ થઈ ગયુ છે. સાવચેતીના ભાગ રુપે કચ્છના કંડલા બંદર પર વાવાઝોડાને પગલે કાર્ગો હેન્ડલિંગ બંધ કરી દેવાયુ છે. કંડલા પોર્ટ ઉપર તમામ એક્ટિવિટી બંધ કરી દેવામા આવી છે. વિશાળ જહાજો ગલ્ફ ઓફ કચ્છમા રોકી દેવાયા છે. કંડલા પોર્ટ પર ૯ નંબરનુ સિગ્નલ લગાડવામા આવ્યુ છે. મુન્દ્રા અદાણી બંદર ઉપર પોર્ટ કામગીરી હજુપણ યથાવત જોવા મળી રહી છે. વાવાઝોડાની આગાહી વચ્ચે પણ અદાણી બંદર પર પોર્ટ એક્ટિવિટી ચાલુ છે. પોર્ટ પર હજુ ૪ નંબરનુ સિગ્નલ યથાવત છે. વાવાઝોડાની અસર મોટા પ્રમાણમાં કચ્છમાં વધુ જોવા મળે તેવી સંભાવના છે.કચ્છમાં બિપોરજોય વાવાઝોડાને લઈને તંત્ર સતર્ક બન્યું છે. માંડવી, અબડાસાના ૧૯-૧૯ ગામોને એલર્ટ કરાયાછે તથા માંડવી અને જખૌમાં SDRFની બે ટીમ સ્ટેન્ડબાય રાખવામાં આવી છે. વાવાઝોડાની સ્થિતિને ધ્યાને લઈને શેલ્ટર હોમ તૈયાર કરાયા છે તો તાલુકા મથકો પર વહીવટી તંત્ર દ્વારા સમીક્ષા બેઠક પણ યોજાઈ છે. જરૂર પડ્યે કાચા મકાનોમાં રહેતા લોકોને શેલ્ટર હોમમાં શિફ્ટ કરવાની વ્યવસ્થા પણ કરાઈ છે.કચ્છના તમામ બંદરો પર ૪ નંબરનું સિગ્નલ લગાડાયું છે અને જરૂર પડ્યે કાચા મકાનોમાં રહેતા લોકોને શેલ્ટર હોમમાં શિફ્ટ કરવાની વ્યવસ્થા પણ કરાઈ છે. બીજી તરફ કચ્છ જિલ્લામાં ૧૩ થી ૧૫ જૂન તમામ પ્રાથમિક, માધ્યમિક, ઉચ્ચતર માધ્યમિક શાળાઓ – કોલેજોનેવિદ્યાર્થીઓ માટે બંધ કરી દેવામાં આવ્યા છે. બીપરજોય વાવાઝોડાની શક્યતાના પગલે નિર્ણય લેવાયો છે.કચ્છમાં બિપોરજોય વાવાઝોડાને પગલે તંત્ર સજ્જ છે. NDRFની ૨ ટીમ કચ્છ પહોંચી છે. ૧ ટીમ માંડવી અને ૧ ટીમ અબડાસામાં તહેનાત કરાશે. કચ્છમાં જીહ્ઢઈહ્નની ૨ ટીમ તહેનાત રહેશે. મરીન પોલીસ સહિત અલગ-અલગ ટીમો દરિયાઈ વિસ્તારમાં સતર્ક છે. આજે તમામ ટીમો સંભવિત અસરગ્રસ્ત વિસ્તારોમાં સમીક્ષા કરશે.



# ગીર સોમનાથમાં CPR ટ્રેનિંગ કાર્યક્રમ યોજાયો

## ૧૧૦૦થી વધુ પોલીસ કર્મીઓએ લીધી તાલીમ



ગાંધીનગર, તા.૧૩

ગીર સોમનાથમાં રામમંદિર ખાતે જિલ્લાના ૧૧૦૦થી વધુ પોલીસ કર્મચારીઓ માટે જીવન રક્ષક CPR ટ્રેનિંગ કાર્યક્રમ યોજાયો હતો. આકસ્મિક સંજોગોમાં લોકોનો જીવ બચે અને તાત્કાલીક પ્રાથમિક સારવાર મળી રહે એવા હેતુથી ઝ્રઁઇ ટ્રેનિંગ કેમ્પનુંઆયોજન કરવામાંઆવ્યું હતું. જિલ્લા પોલીસના અધિકારીઓ સહિત ૧૧૦૦થી વધુ પોલીસકર્મીઓએ CPR તાલીમની સાથે અંગદાનનો પણ સંકલ્પ લીધો હતો. રાજય સરકાર તેમજ ઈન્ડિયન સોસાયટી ઓફ એનેસ્થેસિયોલોજીસ્ટ ગુજરાત ચેપ્ટર અને ડૉકટર સેલના સંયુકત ઉપક્રમે ૧૧ જૂનને રવિવારના રોજ રાજ્યમાં ૩૭ મેડીકલ કોલેજ અને અન્ય ૧૪ સ્થળ ઉપર પોલીસ કર્મચારીઓ માટે કોલ્સ અવેરનેસ ટ્રેનિંગ પ્રોગ્રામ (CPR Training Program)નું આયોજન કરાયું હતું. જે અંતર્ગત ગીર સોમનાથમાં રામમંદિર ખાતે પોલીસકર્મચારીઓ માટે ઝ્રઁઇ ટ્રેનિંગ કાર્યક્રમમાં જિલ્લા પોલીસના અધિકારીઓ સહિત ૧૧૦૦થી વધુ પોલીસકર્મીઓએ CPR તાલીમની સાથે અંગદાનનો પણ સંકલ્પ લીધો હતો.નાગરિકોની સલામતી અને સુરક્ષામાં હંમેશા તત્પર રહેતી ગીર સોમનાથ પોલીસનું કાર્ય કોરોનાકાળમાં પણ સરાહનીય રહ્યું હતું. આકસ્મિક સંજોગોમાં લોકોના જીવ બચાવવા માટે CPR ટ્રેનિંગપોલીસકર્મીઓ માટે ઉપયોગી બને એવા હેતુથી ગીર સોમનાથ જિલ્લા પોલીસ અધિક્ષક મનોહરસિંહ જાડેજા તેમજ નૉડલ એમ.યુ.એમ.સીના માર્ગદર્શન હેઠળ ફિઝિશિયન ડૉ.યોગેશ ધોળકિયા સહિતના તજજ્ઞો દ્વારા રામમંદિર ખાતે સવારના ૯ વાગ્યાથી સાંજના ૫ વાગ્યા દરમિયાન ૧૧૦૦થી વધુ પોલીસ કર્મચારીઓને સીપીઆરની સૈદ્ધાંતિક અને પ્રેક્ટિકલ તાલિમ આપવામાં આવી હતી.ઝ્રઁઇ તાલીમ ઉપરાંત અવસાનપછી શરીર અન્ય કોઈને ઉપયોગી થાય એનાથી ઉપયોગી કોઈ બાબત ન હોય શકે જેથી ‘અંગદાન મહાદાન’ની ઉક્તીને અનુલક્ષી ઉપસ્થિત તમામે દેહદાનનો પણ સંકલ્પ લીધો હતો. નોંધનીય છે કે, કોઈ અકસ્માત થાય કે કોઈ બેભાન થઈ જાય તો આવા કટોકટીના સમયે એમ્બુલન્સ ન આવે ત્યાં સુધી તે વ્યકિતનો જીવ બચાવવો એ પ્રાથમિકતા હોય છે. આ સમયે હાજર પોલીસ કર્મચારી CPR ટ્રેનિંગનો જાણકાર હોય તો જે તે વ્યક્તિનો જીવ બચાવવા માટે ઉપયોગી થઈ શકે છે.

# હર્ષ સંઘવીએ દેવભૂમિદ્વારકા જીલ્લાના અધિકારીઓ સાથે બેઠક યોજી

દ્વારકા, તા.૧૩

ગુજરાતના દરિયાકાંઠે બિપરજોયવાવાઝોડાનો ખતરો મંડરાઈ રહ્યો છે. વાવાઝોડાને લઈ રાજ્ય સરકાર સતર્ક બની છે. સૌરાષ્ટ્ર અને દક્ષિણ ગુજરાતના દરિયાકાંઠાના જિલ્લાઓને એલર્ટ કરાયા છે. મોડી રાત્રે ગૃહ રાજ્યપ્રધાન હર્ષ સંઘવીએ દેવભૂમિ દ્વારકા જિલ્લાના અધિકારીઓ સાથે બેઠક યોજી હતી. બિપોરજોય વાવાઝોડાને લઈ દરિયા કાંઠાના તમામ જિલ્લાઓનું વહીવટીતંત્ર કોઈ પણ પરિસ્થિતિને પહોંચી વળવા માટે સજ્જ બન્યું છે. વાવાઝોડાની પરિસ્થિતિનો તાગ મેળવવા ઝ્રસ્ ભૂપેન્દ્ર પટેલે મંત્રીઓને વિવિધ જિલ્લામાં જવા આદેશ આપ્યા હતા. જેના પગલે મંત્રીઓ વિવિધ જિલ્લામાં પહોંચ્યા છે. તો ગૃહ રાજ્ય પ્રધાન હર્ષ સંઘવી દેવભૂમિદ્વારકા જિલ્લામાં પહોંચ્યા હતા. તેમણે લોકોને વાવાઝોડા દરમિયાન સાવચિત રાખવા અપિલ કરી હતી તેમજ વહીવટી તંત્રની સૂચનાનું લોકો પાલન કરવા અનુરોધ કર્યો હતો. બિપોરજોય વાવાઝોડાને પહોંચી વળવા રાજ્ય સરકાર સતર્ક બની છે. મોડી રાત્રે ગૃહ રાજયપ્રધાન હર્ષ સંઘવીએ દેવભૂમિ દ્વારકા જિલ્લાના અધિકારીઓ સાથે બેઠક યોજી હતી. બેઠક બાદ હર્ષ સંઘવીએ જણાવ્યું હતું કે ૪૧૦૦માંથી ૧૧૦૦ પરિવારોનું સ્થળાંતર કરી દેવાયું છે. આજે બાકીના તમામ લોકોનું સ્થળાંતર કરવામાં આવશે તેમજ ૧૩૮ જેટલી સગર્ભા મહિલાઓ માટે હોસ્પિટલોમાં વ્યવસ્થા કરાઈ છે. આ ઉપરાંત તેમણે કહ્યું કે વાવાઝોડું આવે ત્યારે એકસાથે ૩૦થી ૪૦ લોકો એક જ નંબર પર કોલ કરી શકે તેવી વ્યવસ્થા કરવામાં આવી છે. તેમજ સસ્તા અનાજની સરકારની દુકાનોમાં પર્યાપ્ત સામગ્રી પહોંચાડવામાં આવી છે. હર્ષ સંઘવીએ લોકોને દ્વારકાનો પ્રવાસ ટાળવા પણ અપીલ કરી છે. તેમજ ફોટા પાડવા અને સ્થિતિ જાણવા દરિયાકિનારે ન જવા લોકોને અપીલ કરી છે.



# વાવાઝોડું અને તેની સમાજ જીવન ઉપર અસર

વાવાઝોડું એ ચક્રવાતનો વિનાશક પ્રકાર છે. પ્રદેશભેદે ચક્રવાતને જુદાં જુદાં નામ અપાયેલાં છે : આટલાંટિક મહાસાગર માટે હરિકેન, પેસિફિક મહાસાગર માટે ટાયફૂન, ફિલિપાઈન્સ માટે સ્થાનિક નામ રેપુસ, ઓસ્ટ્રેલિયા માટે વિલવિલિસ નામ ઉપયોગમાં લેવાય છે. ઊભી, સાંકડી ગળણી જેવા ફૂંકાતા વાવાઝોડાને ટોર્નેડો કહે છે. ચક્રવાત માટેનો અંગ્રેજી શબ્દ cyclone મૂળ ગ્રીક ભાષાનો છે, તેનો અર્થ ‘સાપનું ગૂંચળું’ એવો થાય છે. વીસમી સદીના આરંભે કોલકાતાની જહાજી અદાલત(Maritime Board)ના પ્રમુખ ડો. હેન્રી પેડિંગ્ટને સર્વપ્રથમ વાર cyclone શબ્દ વાપરેલો, ત્યારથી અંગ્રેજી ભાષામાં વાવાઝોડા માટે તે રૂઢ થઈ ગયો છે.વાવાઝોડમાં પવનનો વેગ કલાકે ૧૦૦થી ૨૦૦ કિમી.નો હોય છે, તેમાં પવનના પ્રચંડ સુસવાટા અને થપાટો કેટલા સમયગાળા માટે ચાલુ રહે છે, તેના ઉપર જાનમાલની ખુવારી અને નુકસાનનો આધાર રહેલો હોય છે. વાવાઝોડું જો કલાકના ૧૦ કિમી. વેગથી સ્થળાંતર કરતું જતું હોય અને તેનો વ્યાસ ૧૦ કિમી.નો હોય, તો જે સ્થળ ઉપર તે કાર્યરત હોય ત્યાં એક કલાક સુધી અસર કરે છે. વાવાઝોડામાં માત્ર ધૂળની આંધી જ ફૂંકાય એવું નથી હોતું, તેમાં બીજું પરિબળ વરસાદનું પણ હોય છે. ચક્રવાતનિર્મિત વાવાઝોડું ક્યારેક મુશળધાર વરસાદ પણ લાવે છે, અને તેમાંથી પૂરની અને તારાજીની સ્થિતિ પણ ઉદ્ભવી શકે છે. ઉષ્ણકટિબંધના ચક્રવાતો મધ્ય અક્ષાંશોના ચક્રવાતોને મળતા આવે છે. ક્યારેક તે હળવા, તો ક્યારેક વિનાશક હોય છે. ભારતમાં તે વંટોળ તરીકે ઓળખાય છે. વંટોળ અતિવેગથી ફૂંકાય અને વિનાશ વેરે તો તેને વાવાઝોડું કહેવાય. દરિયાકાંઠે ઉદ્ભવે કે આવે તો ભારે હોનારત સર્જે છે.વાવાઝોડું એ એવી પ્રલયકારી ઘટના છે, જેમાં સમુદ્રનો જુવાળ તોફાની પવનોની થપાટો ખાધા પછી ૪.૫થી ૬ મીટર ઊંચી દીવાલ રૂપે કાંઠા ઉપર ધસી આવે છે. કોઈ પણ વાવાઝોડામાં અંદાજે ૯૦ % જેટલી ખુવારી આવા ઝંઝાવાતી જુવાળને કારણે થતી હોય છે. ૧૯૯૮ના વર્ષમાં ચોમાસાના પ્રારંભમાં - જૂનમાં - આવેલું કંડલાનું વાવાઝોડું આ પ્રકારનું હતું. તેમાં દરિયાઈ જુવાળ ઘોડાપૂર કરતાં પણ વધુ વેગથી કાંઠાના પ્રદેશ ઉપર ફરી વળેલો. લોકો સલામત જગાએ સ્થળાંતર કરી શકે એ પહેલાં જ તેઓ વળતા પ્રવાહમાં તણાઈ ગયેલા. બીજું ઉદાહરણ આંધ્રપ્રદેશનુંલઈ શકાય. ૧૯૯૦માં ત્યાં એક પછી એક બે વાવાઝોડાં ત્રાટકેલાં. બંને ચક્રવાત પ્રકારનાં હતાં, બંનેમાં પવનનો વેગ કલાકના ૨૩૫ કિમી.થી ૨૫૦ કિમી. જેટલો હતો. વાસ્તવમાં આવાં વાવાઝોડાં ફ્રાન્સિસ બ્યૂફૉર્ટ સ્કેલ મુજબ પ્રચંડ અને વિનાશકારી ગણાય. આ ચક્રવાતોમાં ઘૂમરી લેતા ચક્કરનો વ્યાસ ૧,૦૦૦ કિમી. જેટલો અસાધારણ હતો. બંને સરખા પ્રકારનાં જોશીલાં તેમજ વિરાટ કદનાં હતાં, માત્ર ખુવારીના આંકડા અલગ અલગ હતા. ૧૯૯૦ પહેલાં ભારતના હવામાન ખાતા પાસે ઈનસેટ જેવા બાતમીદાર ઉપગ્રહોની સેવા ઉપલબ્ધ થઈ ચૂકેલી હોવાથી આગોતરી ચેતવણી મળી હતી. તેથી ખુવારીનો આંકડો માત્ર ૧,૦૦૦ જેટલો સીમિત રહેલો પરંતુ અગાઉના ૧૯૭૭ના પોરબંદર-જામનગરના દાખલામાં, જ્યારે ઈનસેટ-ઉપગ્રહ સેવા ઉપલબ્ધ ન હતી ત્યારે ખુવારીનો આંકડો ૧૦,૦૦૦ જેટલી માનવસંખ્યાને આંબી ગયેલો. ૧૯૮૨-૮૩માં પણ સૌરાષ્ટ્રમાં તોફાની વાવાઝોડાં આવેલાં. આંધ્ર અને ઓરિસાને દરિયાકાંઠે આવાં વાવાઝોડાં અવારનવાર ધસી આવે છે. બાંગ્લાદેશના ચિતાગોંગ ખાતે પણ લગભગ દર વર્ષે બેથી ત્રણ તોફાની વાવાઝોડાં ફૂંકાતા હોય છે. જુલાઈ, ઓગસ્ટ અને સપ્ટેમ્બર દરમ્યાન બંગાળની ખાડીમાંથી ઉદ્ભવતાં વાવાઝોડાં ક્યારેક પશ્ચિમ તરફ છેક ગુજરાત સુધી અસર કરે છે, એ જ રીતે તે તમિલનાડુમાં થઈને અરબી સમુદ્ર તરફ પણ જાય છે. તે જો દરિયા તરફ જાય તો ત્યાંથી પસાર થતાં વહાણોને નુકસાન પહોંચાડે છે; પરંતુ તે ભૂમિભાગ તરફ જાય તો તેનાથી ઉદ્ભવતાં ઊંચાં મોજાં કાંઠાના ભાગોમાં અથડાય છે, અથવા પ્રચંડ મોજાંવાળી ભરતી આવે છે. ક્યારેક ઓક્ટોબર-નવેમ્બરમાં પણ તે થતાં હોય છે. ૯ નવેમ્બર ૧૮૮૮ના રોજ વેરાવળ નજીક આવું એક પ્રચંડ વાવાઝોડું આવેલું, જેમાં ‘વીજળી’ નામની આગબોટ તેના બધા ઉતારૂઓ સાથે ડૂબી ગઈ હતી. આવા કાળા કેરની યાદમાં ‘હાજી કાસમ તારી વીજળી મધદરિયે વેરણ થઈ’ જેવાં લોકગીતો પણ રચાયેલાં.ઉપગ્રહીય વ્યવસ્થા આજે તો સંગીન અને સુલભ છે. દરેક ઉપગ્રહ વાવાઝોડાં અંગે ચેતવણી આપતી વ્યવસ્થા વડે સુસજ્જ હોય છે. ભૂમિમથકો પરનું રડાર-નેટવર્ક ચક્રવાતોને પાત્ર તટવર્તી સ્થળો ઉપર ખડું કરાયેલું છે. આ પ્રકારના નેટવર્કને વાવાઝોડા ચેતવણી વિતરણ પદ્ધતિ – (Cyclonic Warning Dissemination System – CWDS) કહે છે. તેનાં મુખ્ય સાધનો સમુદ્રકાંઠાનાં રડારયંત્રો છે. તે દુનિયાના દરિયાકાંઠાનાં મથકો ઉપર ગોઠવેલાં છે. વીસમી સદીમાં આવેલાં કેરિબિયન સમુદ્રનાં વાવાઝોડાંઓમાં તે ચોથા ક્રમે આવતું પ્રચંડ વાવાઝોડું હતું. હોન્ડુરાસમાં થયેલી તારાજીનો મૃત્યુ-આંક ૫,૦૦૦નો, જ્યારે ઘર છોડીને ગયેલાનો આંક ૬ લાખ જેટલો હતો. સંખ્યાબંધ લોકો પાણી, ખોરાક અને દવાઓ વિના ટળવળતા નજરે પડેલા. આવાસો ઉપર પૂરનાં પાણી ફરી વળેલાં અને ઘણાં ગામોમાં ભૂપાત થયેલા. ૧૯૯૯ના ઓક્ટોબરની ૨૯મી તારીખે બંગાળની ખાડી ઉપરથી ઓરિસા રાજ્યના લગભગ આખાય ભાગ ઉપર ત્રાટકેલા પ્રચંડ વાવાઝોડા (supercyclone)થી ૯,૫૭૩ લોકો મૃત્યું પામેલા અને ૧ કરોડ લોકો ઘરબારવિહોણા થઈ ગયેલા.

- ડો. પંકજકુમાર એમ. મુછડિયા-રાજકોટ

